RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 06-10-2026 I VOL : 12 I Issue : 201 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

સપનું મોટું હોય તો મહેનત પણ મોટી કરવી પડે

3




નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં આવતા યાત્રીકોને નિઃશુલ્ક ના નામે લૂંટાતા...

4




વડોદરાનો 'બ્લડી મંડે' અને અંડરવર્લ્ડના ખેલ: જ્યારે મુકેશ હરજાણીની...

6



પેરિસમાં જાહ્વી કપૂરનો દેશી અંદાજ, આઇવરી સાડીમાં મોહી લીધા ચાહકોને

7



હાર્દિક, બુમરાહ, સિરાજ વગર વર્લ્ડ કપ જીતવો અશક્યઃ ગાંગુલી

## એક નજર...

### ટ્રેડિશનલ એન્ડ ગ્લેમરસ: ગ્રીન સાડીમાં મેઘા શુક્લાનો દેશી અવતાર થયો વાયરલ



બોલિવૂડની જાણીતી અભિનેત્રી મેઘા શુક્લા, જે Netflixની વેબ સિરીઝ 'કઠલ' (Kathal) થી લોકપ્રિય થઈ છે, તે પોતાની બોલ્ડ અને ગ્લેમરસ સ્ટાઈલ માટે જાણીતી છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે.

## સુપ્રીમે કહ્યું- ગેરકાયદેસર કામ થયું તો પરિણામ ભોગવવા પડશે

# 'ચૂંટણી પંચે કાયદો તોડ્યો તો તમામ નિર્ણયો રોકી દઈશું': સુપ્રીમ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાનો વચગાળાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો. તેમના પર SIR સાથે જોડાયેલા લગભગ 14 નિર્ણયો અન્ય બે ચૂંટણી કમિશનરોની સંમતિ વિના લેવાનો આરોપ છે. સુપ્રીમ કોર્ટે આ આરોપો અંગે ચૂંટણી પંચ પાસેથી જવાબ માગ્યો છે. કોર્ટે કહ્યું કે જવાબ જોયા બાદ જો નિર્ણયો સંમતિ વિના લેવામાં આવ્યા હોવાનું જણાશે, તો તેમને પાછા ખેંચી શકાય છે. CJI સૂર્યકાંત, જસ્ટિસ જૉયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે અરજી



પર કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ, CEC જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધૂ અને ડૉ. વિવેક જોશી, ડેપ્યુટી ઈલેક્શન કમિશનર મનીષ ગર્ગ અને DG (IT) સીમા ખન્નાને નોટિસ જારી કરી. જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આ અરજીઓ સ્પેશલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સાથે સંબંધિત નિર્ણયો અંગે કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ 5 ઑક્ટોબરે CEC જ્ઞાનેશ કુમાર સામે કરવામાં આવેલી બે અરજીઓ પર સુનાવણી કરી. આરોપ છે કે SIR સાથે સંબંધિત આશરે 14 નિર્ણયો અન્ય બે ચૂંટણી કમિશનરોની સંમતિ વિના લેવામાં આવ્યા હતા. અરજદારોએ આ નિર્ણયો રદ કરવાની, જ્ઞાનેશ કુમાર સામે કેસ ચલાવવાની અને SIR દરમિયાન મતદારોના નામ દૂર કરવાના મામલે SIT તપાસની માંગ કરી હતી.

### CECનું રાજીનામું, SIR રદ કરો અને બેલેટ પેપર લાવો: કોંગ્રેસનું મોદી સરકારને અલ્ટીમેટમ

મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને લઈને કોંગ્રેસ સહિતના વિપક્ષો ભારે આક્રોશમાં છે. વિપક્ષો સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)ના મતદારોના નામ કાપવા મામલે તેમજ ચૂંટણી પંચની નિષ્પક્ષતાના સવાલો ઉઠાવીને જ્ઞાનેશ કુમારનું સતત રાજીનામું માંગી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ CEC પર આકરા પ્રહારો કરીને 3 માંગ કરી છે. કોંગ્રેસે 3 માંગણીઓ રજૂ કરી ખડગેએ સોમવારે ચૂંટણી પ્રક્રિયા અને વ્યવસ્થાને લઈને પક્ષ તરફથી 3 મુખ્ય માગણીઓ રજૂ કરી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ એવી માગણીઓ છે જેના પર કોઈપણ પ્રકારનું સમાધાન શક્ય નથી.

## 'અબજોપતિ હોય કે રિક્ષાવાળો, બંનેના મત સમાન'

### SIR વિવાદ વચ્ચે સુપ્રીમ જજ ભુઈયાંના કડક વલણ બાદ રાજકારણ ગરમાયું

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ઉજ્જલ ભુઈયાંએ કહ્યુ- એવી કોઈપણ પ્રક્રિયા મનસ્વી છે, જે લાખો ભારતીયોને મતદાનના અધિકારથી વંચિત રાખે છે. તેને કોઈપણ બહાનું યોગ્ય ઠેરવી શકે નહીં. આવી પ્રક્રિયા બંધારણીય વ્યવસ્થાને નકારે છે. તેમણે કહ્યું- ભલે તે અબજોપતિ હોય કે રિક્ષા ચલાવનાર હોય. બંનેના મતનું મૂલ્ય સમાન હોય છે. જસ્ટિસ ભુઈયાં રવિવારે હૈદરાબાદમાં NALSAR યુનિવર્સિટી ઑફ લૉના કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. ભારતનું બંધારણ નાગરિકોના બે વર્ગ બનાવતું નથી, જેમાં એક વર્ગને મત આપવાનો અધિકાર હોય અને બીજા વર્ગને તેનાથી વંચિત રાખવામાં આવે. ભારતીય નાગરિકોને મોટા પાયે મતદાન કરતા રોકતી કોઈપણ પ્રક્રિયા બંધારણની કલમ 326 અને 14નું ઉલ્લંઘન હશે. જો કોઈ પ્રક્રિયા લાખો ભારતીય નાગરિકોને પોતાના જ દેશમાં દ્વિતીય કક્ષાના નાગરિક બનાવી દે, તો તે મનસ્વી છે. આવી પ્રક્રિયા બંધારણના પાયાને નુકસાન પહોંચાડે છે. તે બંધારણીય વ્યવસ્થાને નકારવા સમાન છે.

## CJP નેતાઓની સરકારને ખુલ્લી લલકાર

### "અમને જેલમાં નાખવાની તૈયારી ચાલી રહી છે, પણ 10 ઓક્ટોબરે આખો દેશ રસ્તા પર ઉતરી રહ્યો છે, કેટલાની ધરપકડ કરશો?"

નવી દિલ્હી / અમદાવાદ

કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચની મનમાની સામે લોકશાહી અને સંવિધાન બચાવવા માટે લડી રહેલા સીજેપી (CJP - Cockroach Janta Party) ના નેતાઓએ હવે સરકાર સામે આર-પારની લડાઈનું એલાન કરી દીધું છે. સત્તાધીશો દ્વારા વિરોધીઓનો અવાજ દબાવવા માટે જેલના સળિયા પાછળ ધકેલવાની યોજનાઓ ઘડવામાં આવી રહી હોવાના સનસનાટીભરેલા દાવાઓ સીજેપી નેતાઓ દ્વારા કરવામાં આવ્યા છે. આમ છતાં, સરકારની દમનકારી નીતિઓ સામે જરાય ન તા, CJP ના સંસ્થાપક નેતા અભિજીત દીપકે (Abhijit Dipke) એ સરકારને સીધી અને ખુલ્લી ચેતવણી આપી દીધી છે કે, 'અમને જેલમાં નાખવાની તૈયારીઓ ચાલી રહી છે, પરંતુ આવનારી 10 ઓક્ટોબરે આખો દેશ રસ્તા પર ઉતરી રહ્યો છે–તમે આખરે કેટલા લોકોની ધરપકડ કરશો?' સરકારની તાનાશાહી સામે પ્રચંડ આક્રોશ: ડરવાના નથી, આંદોલન ચાલુ જ રહેશે!

## NEWS TRACK

### ત્રણ દેશની બેદરકારીના કારણે પાઇલટે પ્લેન ક્રેશ કરવાનું કાવતરું રચ્યું: ઓમાને ઉડાન પર પ્રતિબંધ મૂક્યો હતો

ફ્લાયદુબઈની ફ્લાઇટમાં ભારતીય પાઈલટ સ્મિત મચ્છર પર હુમલો કરનાર ઓમાની કો-પાઈલટ હમામ અલ-હમામી અંગે ઓમાન, UAE અને ઈઝરાઈલની સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉઠ્યા છે. અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, હમામીને તેના કટ્ટરપંથી વિચારોને કારણે ઉડાન ભરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ છતાં ફેબ્રુઆરી 2026માં તેને ફ્લાયદુબઈમાં નોકરી મળી ગઈ. એરલાઇને તેની અગાઉની નોકરી અને રેકોર્ડની પુષ્ટિ કરવા માટે ઓમાનનો સંપર્ક કર્યો નહોતો. હમામીએ 2018માં ઓમાન એર સાથે જોડાણ કર્યું હતું અને 2022માં પાઈલટ બન્યો હતો. 2024માં અધિકારીઓને જાણ થઈ કે તે કટ્ટરપંથી વેબસાઇટ્સ અને બ્લોગ્સ જોઈ રહ્યો હતો. ત્યારબાદ તેને ડેસ્ક જોબ આપવામાં આવી અને ડી-રેડિકલાઈઝેશન કાર્યક્રમમાં મોકલવામાં આવ્યો. 2025ની શરૂઆતમાં તેણે ઓમાન એર છોડી દીધી. ફેબ્રુઆરી 2026માં તે ફ્લાયદુબઈમાં જોડાયો. રિપોર્ટ મુજબ, એરલાઇને તેનું ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ચેક કર્યું હતું.

### મગજમાં યાદો કે લાગણીઓ કેવી રીતે આવે છે: તેની શોધ કરનારા જર્મની-અમેરિકાના 3 વૈજ્ઞાનિકોને મેડિસિનનો 2026 નોબેલ પુરસ્કાર મળ્યો

2026નું મેડિસિન નોબેલ જર્મનીના પીટર હેગેમાન અને જ્યોર્જ નાગેલ તથા અમેરિકાના કાર્લ ડાઈસેરોથને એનાયત કરવામાં આવ્યું છે. આ વૈજ્ઞાનિકોએ ઓપ્ટોજેનેટિક્સ નામની એવી તકનીક વિકસાવવામાં મદદ કરી, જેના દ્વારા પ્રકાશની મદદથી મગજની અલગ-અલગ ચેતા કોષોને નિયંત્રિત કરીને તેમની કામગીરી સમજી શકાય છે. અગાઉ વૈજ્ઞાનિકો માટે એ જાણવું મુશ્કેલ હતું કે મગજની કઈ ચેતા કોષ કયા કાર્ય માટે જવાબદાર છે. ઓપ્ટોજેનેટિક્સની મદદથી હવે વૈજ્ઞાનિકો યાદશક્તિ, લાગણીઓ અને વર્તનને વધુ સારી રીતે સમજી રહ્યા છે. તેનાથી ડિપ્રેશન જેવી માનસિક બીમારીઓ અને મગજ સાથે સંબંધિત અન્ય બીમારીઓ પર સંશોધન કરવું પણ સરળ બન્યું છે. નોબેલ સમિતિ અનુસાર, આ ત્રણેય વૈજ્ઞાનિકોની શોધે મગજને સમજવા માટે સંશોધનનો એક નવો માર્ગ ખોલ્યો છે. આ તકનીકનો ઉપયોગ આંખોની બીમારીઓ પર પણ કરવામાં આવી રહ્યો છે. વૈજ્ઞાનિકો એ જાણવા પ્રયાસ કરી રહ્યા છે કે તેની મદદથી દૃષ્ટિ ગુમાવી ચૂકેલા લોકોની આંખોની રોશની પાછી લાવી શકાય છે કે નહીં.

# મહાઘોટાળો કે ભાઈ-ભતીજાવાદનો અડ્ડો? 'A-One Dialysis Programme'માં નિયમોના ધજાગરા; ખોટા અનુભવના સહારે સરકારી તિજોરી પર તરાપ!

## 'પટેલ લોબી'નો ખેલ: નિયમોને તાક પર મૂકીને કરવામાં આવી બમ્પર ગેરકાયદે ભરતીઓ અને ચુનંદા લોકોને વહેંચવામાં આવ્યા મનપસંદ પગાર ધોરણો.

સ્પેશિયલ કરસ્પોન્ડન્ટ | પાક્કો ગુજરાત

અમદાવાદ/ગાંધીનગર: ગુજરાતમાં ગરીબો અને જરૂરિયાતમંદોની જીવનરક્ષક સારવાર માટે ચલાવવામાં આવતી સ્વાસ્થ્ય યોજનાઓ કઈ રીતે કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને સ્વાર્થી તત્વોના હાથની કઠપૂતળી બની ચૂકી છે, તેનો એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. રાજ્યમાં સંચાલિત ચર્ચાસ્પદ 'A-One Dialysis Programme'માં અંદરખાને ચાલી રહેલા કાળા કારનામા અને નાણાકીય અનિયમિતતાઓએ હવે જોર પકડ્યું છે. ટેન્ડરના નિયમોને સદંતર કચડીને, પોતાના અંગત લોકોને રેવડીઓની જેમ પદ અને મનપસંદ પગાર વહેંચવાના આ ખેલે સમગ્ર તંત્રમાં ભૂકંપ સર્જ્યો છે.

સૂત્રોના હવાલેથી જે ગંભીર તથ્યો બહાર આવ્યા છે, તે સીધા ભ્રષ્ટ આચરણ અને મિલીભગત તરફ ઈશારો કરે છે. આવો નજર કરીએ આ મહાઘલાના મુખ્ય બિંદુઓ પર:

### પોઈન્ટ 1: મંજૂર જગ્યાઓની મર્યાદા વટાવીને આડેધડ ગેરકાયદે ભરતીઓ

ટેન્ડરની જોગવાઈ મુજબ, આ કાર્યક્રમ અંતર્ગત 'Senior HD Technician'ની માત્ર ૧૦ જગ્યાઓ જ નક્કી કરવામાં આવી હતી. નિયમ એવું પણ કહે છે કે મંજૂર થયેલી જગ્યાઓમાં કોઈપણ સંજોગોમાં ૨૫% થી વધુ વધારો કરી શકાતો નથી–એટલે કે વધુમાં વધુ ૧૩ જગ્યાઓ.

પરંતુ, જમીની હકીકતમાં નિયમોના ધજાગરા ઉડાવીને ૩૦ કે તેથી વધુ જગ્યાઓ પર ધડાધડ ભરતીઓ અને નિમણૂકો કરી દેવામાં આવી! મોટો સવાલ એ છે કે આખરે કયા સક્ષમ અધિકારીની મંજૂરીથી અને કયા નિયમ હેઠળ આ માતબર વધારાની ભરતી કરવામાં આવી? માત્ર સિનિયર જ નહીં, પરંતુ 'Junior HD Technician' અને 'Assistant Technician'ના પદો પર પણ મોટા પાયે નિયમો વિરુદ્ધ નિમણૂકો કરવામાં આવી હોવાનું સામે આવી રહ્યું છે, જેની ઊંડાણપૂર્વક તપાસ અનિવાર્ય છે.

### પોઈન્ટ 2: બોગસ અનુભવ પ્રમાણપત્રો અને 'પટેલ લોબી'નો ખેલ

આ યોજના હેઠળ પગાર નક્કી કરવા માટે અનુભવના ત્રણ અલગ-અલગ સ્લેબ નક્કી કરવામાં આવ્યા છે:

૧. ૧ વર્ષનો કોર્સ + ૧૦ વર્ષનો અનુભવ = ૪૦,૦૦૦ પ્રતિ માસ

૨. ૭ થી ૧૦ વર્ષનો અનુભવ = ૩૨,૦૦૦ પ્રતિ માસ

૩. બાકીના અન્ય ટેકનિશિયન = ૨૪,૦૦૦ પ્રતિ માસ

આરોપ છે કે પ્રોજેક્ટ ઓફિસર શ્રી નરેશ પટેલ દ્વારા પોતાના

- **ડોક્ટરોની બોગસ વિઝિટ્સ અને મિલીભગતથી પ્રજાના ટેક્સના પૈસાની બેફામ બરબાદી.**
- **હવે સ્વાસ્થ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસરીયાના દરબારમાં પહોંચ્યો મામલો; શું મંત્રી સ્તરેથી આ ભ્રષ્ટ સિન્ડિકેટ સામે લેવાશે કડક પગલાં?**

ચુનંદા લોકોને ફાયદો પહોંચાડવા માટે કોઈપણ નકલી કે બિનઅધિકૃત જગ્યાનું અનુભવ પ્રમાણપત્ર સ્વીકારવામાં આવી રહ્યું છે.

શંકાસ્પદ ભૂમિકા: બહેરામપુરા સ્થિત મ્યુનિસિપલ કોર્પોરેશનના ડાયાલિસિસ વિભાગમાં કામ કરતી ટેકનિશિયન ભૂમિ પટેલનો કેસ આનું જીવતોજાગતો પુરાવો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ચર્ચા છે કે તેમણે પોતાના અનુભવમાં હેરફેર કરીને સીધા ૩૨,૦૦૦ વાળા સ્લેબમાં પોતાની જગ્યા બનાવી લીધી, જ્યારે વાસ્તવિકતા એ હતી કે તેઓ તે સમયગાળા દરમિયાન પૂરા બે વર્ષ સુધી વિદેશમાં હતા! આ વાતની પૂરી જાણકારી પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ અને વહીવટી અધિકારી શ્રી જે.સી.



પટેલને હોવા છતાં, તેમને ૨૪,૦૦૦ના વાજબી હક્કથી હટાવીને સીધા ૩૨,૦૦૦ના મલાઈદાર સ્લેબમાં ગોઠવી દેવામાં આવ્યા.

આ સ્પષ્ટપણે કોઈ ખાસ જ્ઞાતિ કે 'પટેલ લોબી'ની મિલીભગત અને સંરક્ષણ તરફ આંગળી ચીંધે છે. આવા કેટલા કર્મચારીઓ નકલી સર્ટિફિકેટના સહારે સરકારી તિજોરીમાંથી મોટો પગાર ઉસેડી રહ્યા છે? આ બધું પાછળનો મુખ્ય હેતુ ફક્ત ટેકનિશિયનો પાસેથી 'તોડ-પાણી' કરવાનો અને ટેન્ડર મેળવનાર એજન્સી પાસેથી દર મહિને ભારેખમ કમિશન ખાવાનો છે.

### પોઈન્ટ 3: ડોક્ટરોની બોગસ વિઝિટ્સ અને નાણાંની આડેધડ 'લહાણી'

નાના ડાયાલિસિસ સેન્ટરો–જ્યાં દર્દીઓની સંખ્યા નહિવત છે–ત્યાં પણ ડોક્ટરોની ૨ થી ૩ કલાકની લાંબી વિઝિટ્સ અને તબીબી જરૂરિયાત વગર અઠવાડિયામાં ૩ વાર બિનજરૂરી વિઝિટ્સ બતાવીને સરકારી નાણાંની ખુલ્લી લૂંટ ચલાવવામાં આવી રહી છે.

આ ખેલમાં નેફ્રોલોજિસ્ટ ડૉ. ઉષા પટેલનું નામ મોખરે ચર્ચાઈ રહ્યું છે. આરોપ છે કે તેઓ છેલ્લા બે વર્ષથી પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ અને વહીવટી અધિકારી જે.સી. પટેલ સાથે સાંઠગાંઠ કરીને આ સિન્ડિકેટ ચલાવી રહ્યા છે. સવાલ એ થાય છે કે શું કાગળો પર દર્શાવેલી આ વિઝિટ્સ ખરેખર જમીન પર થઈ હતી? શું ડોક્ટરોએ તેટલા કલાકો દર્દીઓની સેવામાં ફાળવ્યા હતા કે પછી આ માત્ર બિલ પાસ કરાવીને સરકારી નાણાં હડપવાનું સુનિયોજિત પ્રપંચ છે?

### સ્વાસ્થ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસરીયાના દરબારમાં મામલો: શું થશે કડક કાર્યવાહી?

આ આખા સનસનાટીભરેલા ભ્રષ્ટાચારના પર્દાફાશ બાદ હવે સમગ્ર ગુજરાત રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસરીયા પર નજર મંડાયેલી છે. પ્રજા અને સ્વાસ્થ્ય જગતના જાણકારોનું માનવું છે કે જો આ મામલાની ફાઈલ સીધી સ્વાસ્થ્ય મંત્રીના ટેબલ સુધી પહોંચી ચૂકી હોય, તો તેમણે આ ભ્રષ્ટ સિન્ડિકેટ સામે વિના વિલંબ અને કડકાઈથી એક્શન લેવા જ જોઈએ.

જનતાના પરસેવાની કમાણી અને સ્વાસ્થ્ય બજેટ સાથે થઈ રહેલા આ ચેડાંને અટકાવવા માટે પાક્કો ગુજરાત દ્વારા નીચે મુજબના કદમ ઉઠાવવાની પ્રબળ માંગ કરવામાં આવી રહી છે:

સ્વાસ્થ્ય મંત્રીના સ્તરે સ્વતંત્ર ઉચ્ચ સ્તરીય તપાસ: આ સમગ્ર કૌભાંડની તપાસ આ પ્રોજેક્ટ કે IKDRC સાથે કોઈપણ પ્રકારે જોડાયેલા ન હોય તેવા વરિષ્ઠ અને નિષ્પક્ષ નેફ્રોલોજિસ્ટ તથા ઉચ્ચ અધિકારીઓની ખાસ સમિતિ દ્વારા કરાવવામાં આવે.

સર્ટિફિકેટ્સનું ક્રોસ-વેરિફિકેશન: તમામ કર્મચારીઓના અનુભવ અને કોર્સના પ્રમાણપત્રોની તેમની મૂળ સંસ્થાઓ પાસેથી લેખિતમાં સત્યતા ચકાસવામાં આવે અને ગેરરીતિથી મેળવેલા વધારાના પગારની વસૂલાત કરવામાં આવે.

ડિજિટલ મિલાન (Cross-Matching): દરેક સેન્ટરના OPD/વિઝિટ રજિસ્ટર્સ, ડોક્ટરોની બાયોમેટ્રિક/GPS હાજરી, દર્દીઓની લાઈવ હાજરી અને બિલિંગ રેકોર્ડ્સનું સામસામે ક્રોસ-મેચિંગ કરવામાં આવે.

જો સ્વાસ્થ્ય વિભાગના ઉચ્ચ સ્તરેથી આ 'ભ્રષ્ટ સિન્ડિકેટ' પર કડક હન્ટર નહીં ચલાવવામાં આવે, તો તંત્રની શાખ પર મોટો ડાઘ લાગવાનું નિશ્ચિત છે. પાક્કો ગુજરાત આ પ્રકરણના એક-એક ખુલાસા અને પ્રશાસનિક હલચલ પર ઝીણી નજર બનાવી રાખશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## મહાનગરપાલિકાની ચૂંટણી, મતદાન મથકો માટે 1700 કર્મચારીઓ સજ્જ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાના 11 વોર્ડની 44 બેઠકોની આગામી સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને તટસ્થ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આગામી 11 ઓક્ટોબરના રોજ નિર્ધારિત મતદાનના દિવસને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા 275 મતદાન મથકો માટે સ્ટાફની ફાળવણી અને તાલીમ પ્રક્રિયા પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે. ચૂંટણી તંત્ર દ્વારા ઘડાયેલી રૂપરેખા મુજબ પાટનગરના 11 વોર્ડ અંતર્ગત આવતા કુલ 275 મતદાન મથકો ઉપર પ્રત્યેક બૂથ પર પાંચ કર્મચારીઓની ખાસ ટીમ ફરજ બજાવશે. આ પાંચ સભ્યોની ટીમમાં પ્રિસાઈડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, ફીમેલ પોલિંગ ઓફિસર અને સેવકનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત ઈવીએમ કમિશનિંગ, ઝોનલ અધિકારીઓની દેખરેખ, ડેટા મેનેજમેન્ટ અને સંવેદનશીલ બૂથો પર લાઈવ વેબકાસ્ટિંગ જેવી મહત્વપૂર્ણ જવાબદારીઓ માટે પણ ટેકનિકલ તેમજ વહીવટી સ્ટાફને ખાસ કામગીરી સોંપાઈ છે. જેના કારણે આ સમગ્ર વહીવટી પ્રક્રિયામાં આશરે 1700 કર્મચારીઓ અને અધિકારીઓનો કાફલો ખડેપગે રહેશે.

ચૂંટણી અધિકારીઓ મારફતે જરૂરી સ્ટાફની ફાળવણી થઈ ગયા બાદ હાલમાં તમામ કર્મચારીઓને ઈવીએમ સંચાલન, નિયમો અને આચારસંહિતા અંગેની સઘન તાલીમ આપવામાં આવી રહી છે.

## ગાંધીનગર ભાજપમાં આંતરિક અસંતોષ સપાટીએ, ટિકિટ મુદ્દે કાર્યકરનો વિરોધ : વોર્ડ-7માં ટિકિટ ન મળતા પંખી ઝાલાની નારાજગી

ગાંધીનગર

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટી (BJP) ની અંદર ચાલી રહેલો આંતરિક વિખવાદ હવે જાહેરમાં છાપરે ચડીને પોકારી રહ્યો છે. પક્ષમાં 'શિસ્ત' અને 'એકતા'ના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે અંદરખાને ખુરશી અને ટિકિટની લાલસા માટે ચાલી રહેલી ખટપટે હવે ભીષણ સ્વરૂપ ધારણ કરી લીધું છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કે સ્થાનિક રાજકારણના વોર્ડ-૭માંથી અત્યંત ચોંકાવનારી ખબર સામે આવી છે, જ્યાં પંખી ઝાલા નામના નેતાએ ટિકિટ ન મળવા પર પોતાની ખુલ્લી નારાજગી વ્યક્ત કરી, તો તુરંત જ તેમને પક્ષના સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાંથી બળજબરીપૂર્વક હટાવી દેવામાં આવ્યા હોવાનો ધડાકો કર્યો છે! પ્રાપ્ત વિગતો અનુસાર, વોર્ડ-૭માં આગામી ચૂંટણી કે સંગઠન માળખાને લઈને ટિકિટોની વહેંચણી અને દાવપેચમાં પંખી ઝાલાને બાજુ પર રાખવામાં આવ્યા હતા. જ્યારે તેમણે આ અન્યાય સામે પોતાની નારાજગી અને અસંતોષ વ્યક્ત કર્યો, ત્યારે પક્ષના કેટલાક હોદ્દેદારો અને નેતાઓની સહિષ્ણુતાનો પર્દાફાશ થઈ ગયો. લોકશાહી ઢબે અવાજ ઉઠાવવાને બદલે સત્તાના નશામાં ચૂર થયેલા વગદાર હોદ્દેદારોએ તેમને વોટ્સએપ ગ્રુપમાંથી જ બહારનો રસ્તો દેખાડી દીધો. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે ભાજપમાં વિરોધનો એક પણ સૂર સાંભળવા માટે નેતાઓ તૈયાર નથી અને જે કોઈ સાચું બોલે કે અસંતોષ વ્યક્ત કરે, તેને પક્ષમાંથી બહિષ્કૃત કરવાની માનસિકતા ચાલી રહી છે.

## શાહપુર-પાલજ રોડ પર પૂરપાટ ઝડપે એક્ટિવા ચાલકે બાઈકને ટક્કર મારી

ગાંધીનગર

ગાંધીનગરના શાહપુરથી પાલજ જતા રોડ ઉપર સ્થાનિક સ્તરે યોજાયેલી મેરેથોન દોડના આયોજનને પગલે રસ્તા પર આપવામાં આવેલા ડાયવર્ઝનને કારણે સર્જાયેલી ટ્રાફિક પરિસ્થિતિ વચ્ચે પૂરપાટ ઝડપે એક એક્ટિવા ચાલકે નોકરી પર જઈ રહેલા યુવકના બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં યુવકને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. આ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના મગોડી ગામનો 27 વર્ષીય મનોજ રીલાયન્સ ચોકડી પાસે ઝેપટો કંપનીમાં નોકરી કરતો હતો. દરરોજની જેમ ગઈકાલે સવારે તે બાઈક લઈને નોકરી જવા માટે ઘરેથી નીકળ્યો હતો. તે જ સમયે પાલજથી શાહપુર તરફ જવાના રોડ ઉપર મેરેથોન દોડનું આયોજન હોવાથી વાહનવ્યવહાર માટે વિશેષ ડાયવર્ઝન ગોઠવવામાં આવ્યું હતું. આ ડાયવર્ઝનને કારણે મનોજ બાઈક રોડની ડાબી બાજુએ ખૂબ જ સાવચેતીપૂર્વક ચલાવીને પસાર થઈ રહ્યો હતો. દરમિયાન શાહપુર ગામની સીમમાં માયસ્ટીક ફોલ્સ પાર્ટી પ્લોટની સામેથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલા એક્ટિવાના ચાલકે અચાનક કાબૂ ગુમાવી દીધો હતો અને મનોજના બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી દીધી હતી.

## સિંહોલ દૂધ મંડળીમાં તોડફોડ કરનાર પૂર્વ ચેરમેનને પોલીસે ઝડપી પાડી કાયદાનો પાઠ ભણાવ્યો

પેટલાદ

પેટલાદ તાલુકાની સિંહોલ દૂધ મંડળીમાં ગત વર્ષે સપ્ટેમ્બરમાં દૂધમાં પાણીની ભેળસેળનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. આ ગેરરીતિ બદલ તત્કાલીન ચેરમેન દિલીપસિંહ જાદવ સહિત13 સભ્યો અને 5 કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા હતા અને હાલમાં મંડળીનો વહીવટ વહીવટદાર દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. જેની અદાવતમાં પૂર્વ ચેરમેન દિલીપસિંહ જાદવે મંડળીની કચેરીમાં ઘુસીને તોડફોડ કરી હતી. તે અંગે ફરિયાદ થતાં આખરે પેટલાદ પોલીસે તેને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે સિંહોલ દૂધ મંડળીમાં બરતરફીની રીસ રાખીને પૂર્વ ચેરમેન દિલીપસિંહ જાદવ હાથમાં ખુલ્લી તલવાર લઈને મંડળી કચેરીએ પહોંચ્યા હતા. તેમણે કચેરીમાં તોડફોડ કરી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું.

આટલું જ નહીં, ફરજ પરના કર્મચારી પર ઝેરી દવા છાંટી જીવનું જોખમ ઊભું કરવાનો પ્રયાસ કર્યો હતો, જેનાથી ગ્રામજનો અને કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.આ સમગ્ર સનસનાટીભર્યો બનાવ કચેરીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.

ઘટના બાદ મહેળાવ પોલીસે ત્વરિત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તલવાર સાથે આતંક મચાવનાર પૂર્વ ચેરમેન દિલીપસિંહ જાદવની અટકાયત કરી કાયદાનો પાઠ ભણાવ્યો હતો.

### છોટાઉદેપુરમાં બેફામ રેતી ખનનથી સર્જાશે ભયંકર જળ સંકટ

# સરકારી તિજોરી લૂંટાઈ રહી છે અને પ્રજાનું ચીરહરણ થઈ રહ્યું છે!

### વગદાર ભાજપ નેતાની ભાગીદારી અને કરોડોની રોયલ્ટી ચોરીનો સનસનાટીભર્યો પર્દાફાશ: એસી ઓફિસમાં બેસીને મફતનો પગાર ખાતા કલેક્ટર, એસપી, મામલતદાર અને ખાન ખનીજ વિભાગ સામે જનતાનો પ્રચંડ આક્રોશ!

છોટાઉદેપુર / ગાંધીનગર

ગુજરાત સરકાર ભલે વિકાસના મોટા-મોટા દાવાઓ કરતી હોય, પરંતુ ગ્રાઉન્ડ પરની વાસ્તવિકતા એ છે કે ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓની મિલીભગતથી ગુજરાતની ધરતીનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. છોટાઉદેપુર જિલ્લામાં બેફામ અને ગેરકાયદેસર રેતી ખનનને કારણે હવે વિનાશક જળ સંકટ ઊભું થવાની દહેશત ફેલાઈ ગઈ છે. નદીઓના પેટાળ ચીરીને કરોડો રૂપિયાની ખનિજ સંપત્તિ લૂંટી લેવામાં આવી રહી છે, છતાં તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના અહેવાલ મુજબ, આ ખુલ્લી



લૂંટ પાછળ શાસક પક્ષના જ એક પ્રભાવશાળી અને વગદાર ભાજપ નેતાની ભાગીદારી હોવાની અત્યંત ચોંકાવનારી ચર્ચાઓ જોર પકડી રહી છે!

એસી ઓફિસોમાં બેઠેલા અધિકારીઓ શું માત્ર મફતનો પગાર લેવા બેઠા છે?

છોટાઉદેપુરમાં ચાલતા આ રેતી ખનનના કાળા કારોબારમાં જવાબદારી કોની? ગાંધીનગરમાં એસી ચેમ્બરમાં બેસીને ઊંઘતી ખાન-ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કોડ, જિલ્લા પોલીસ વડા (SP), કલેક્ટર અને મામલતદાર–આ તમામ અધિકારીઓ શું માત્ર મૂક દર્શક બનીને તમાશો જોવા માટે બેઠા છે? ગેરકાયદેસર ખનન અટકાવવાની જેની નૈતિક અને કાયદાકીય ફરજ છે, તે જ અધિકારીઓ આંખ આડા કાન કરીને ભ્રષ્ટ તત્વોને છાવરી રહ્યા છે.

સરકારની તિજોરીમાં જમા થવી જોઈતી કરોડો રૂપિયાની રોયલ્ટીની સીધી ચોરી થઈ રહી છે અને બેફામ ખનનને કારણે ભૂગર્ભ જળ સ્તર તળિયે જઈ રહ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં આ વિસ્તારના લાખો લોકોને પીવાના પાણી માટે વલખાં મારવા પડશે. વિકાસના ગાણાં ગાતી સરકારના નાક નીચે પ્રજાનું આ રીતે ચીરહરણ થઈ રહ્યું છે, છતાં સરકારના પેટનું પાણીય સરતું નથી!

જનતાની ખુલ્લી ચેતવણી: 'હવે નહીં ચલાવી લઈએ, તમને ઘેરીશું!'

સ્થાનિક પ્રજા અને ખેડૂતોમાં હવે અધિકારીઓ અને નેતાઓ સામે અસહ્ય રોશ ભભૂકી ઉઠ્યો છે. જનતાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે જો આ બેફામ ખનન તરત જ બંધ નહીં કરવવામાં આવે અને સંડોવાયેલા ભાજપના વગદાર નેતા તેમજ ભ્રષ્ટ અધિકારીઓ સામે કાયદાકીય ડંડો નહીં ઉગામવામાં આવે, તો જનતા રોડ પર ઉતરીને આ તમામ જવાબદારોને ઘેરશે!

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' સ્પષ્ટ સવાલ કરે છે કે પ્રજાના ટેક્સના પૈસાથી એસી ઓફિસમાં બેસીને મફતનો પગાર લેનારા આ અધિકારીઓની ત્રાંસી નજર ક્યારે ખુલશે? શું સરકાર પોતાની તિજોરી ખાલી કરનારા આ રેતી માફિયાઓ સામે કોઈ નક્કર અને કડક કાર્યવાહી કરવાની હિમ્મત દાખવશે કે પછી આખું તંત્ર આ ભ્રષ્ટાચારમાં સામેલ છે?

### બનાસકાંઠામાં કિસાન રોષનો વિસ્ફોટ

## પાલનપુરમાં ખેડૂતોનું હલ્લાબોલ અને ભારે ચક્કાજામથી તંત્રમાં દોડધામ!

બનાસકાંઠા

ગુજરાતમાં આજે અન્નદાતા ગણાતા ખેડૂતોની હાલત દયનીય બની ચૂકી છે અને સરકારના બણગા વચ્ચે હકીકત એ છે કે ખેડૂતો પોતાના હક અને ન્યાય માટે દર-દર ભટકવા મજબૂર છે. બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતેથી ખેડૂતોનો અત્યંત આક્રમક મિજાજ સામે આવ્યો છે, જ્યાં સ્થાનિક વહીવટી તંત્ર અને ખાસ કરીને કલેક્ટર સામે ખેડૂતોમાં ફાટી નીકળેલો રોષ રસ્તાઓ પર ચક્કાજામ અને ઉગ્ર વિરોધ પ્રદર્શનરૂપે ફાટી નીકળ્યો હતો. પાલનપુરમાં હજારોની સંખ્યામાં એકત્રિત થયેલા ખેડૂતોએ જિલ્લા કલેક્ટર વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગરમ કરી દીધું હતું. ખેડૂતોના જણાવ્યા અનુસાર, તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ, સિંચાઈના પાણીના પ્રશ્નો, પાક વીમાના પ્રશ્નો તેમજ અતિવૃષ્ટિ કે કમોસમી વરસાદના નુકસાનના વળતર બાબતે તંત્ર દ્વારા માત્ર ખોખલા આશ્વાસનો આપવામાં આવે છે, પરંતુ જમીની સ્તરે કોઈ જ ઠોસ કાર્યવાહી કરવામાં આવતી નથી. જ્યારે અન્નદાતા પોતાની હક્ક-અધિકારની લડાઈ લડવા માટે કલેક્ટર કચેરી કે વહીવટી તંત્રના દરવાજા ખખડાવે છે, ત્યારે અધિકારીઓની ઉદાસીનતા અને સરમુખત્યારશાહી વલણને કારણે ખેડૂતોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે. ખેડૂતોના આ ઉગ્ર રોષને કારણે પાલનપુરના મુખ્ય માર્ગો પર ભારે ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. ખેડૂતો રસ્તા વચ્ચે જ



બેસીને વિરોધ પ્રદર્શન કરવા લાગ્યા હતા, જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પ્રજાના ટેક્સમાંથી પગાર મેળવતા અધિકારીઓ જો ખેડૂતોના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ રહે, તો ખેડૂતો પાસે રસ્તા પર ઉતરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી તે આ ઘટનાએ સાબિત કરી દીધું છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના માધ્યમથી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે છે કે જો વહેલી તકે બનાસકાંઠાના ખેડૂતોના પ્રશ્નોનો કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે, તો આ આગ આખા ગુજરાતમાં ફેલાતા વાર નહીં લાગે. સરકાર અને તંત્રએ સમયસર ચેતી જવું પડશે, નહીં તો આગામી દિવસોમાં કિસાન આંદોલનનું ઉગ્ર સ્વરૂપ જોવા મળશે!

### શક્તિશાળીઓ સામે ગાંધીનગર પોલીસ નતમસ્તક!

## "બેટી બચાવો" માત્ર હોર્ડિંગ્સ પૂરતું મર્યાદિત, ગુજરાતમાં અસલી ચહેરો "આરોપી બચાવો" મોડેલનો

### સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં કાયદો અને વ્યવસ્થા વેચાયાના ગંભીર આક્ષેપ: ચૂંટાયેલા ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીના પરિવારની મહિલા સામે અભદ્ર ટિપ્પણી કરનાર ભાજપી નેતાને બચાવવા પોલીસની દોડધામ!

ગાંધીનગર

ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા મહિલા સુરક્ષા અને "બેટી બચાવો, બેટી પઢાવો" ના મોટા મોટા બણગા ફૂંકવામાં આવે છે, પરંતુ જમીની હકીકત એ છે કે રાજ્યમાં મહિલાઓ અને વિરોધ પક્ષના નેતાઓ પરિવારની આબરૂ સુરક્ષિત નથી અને સરકારના ઈશારે ખાખી વર્દી પણ હવે ગુનેગારો સામે નતમસ્તક થઈ ગઈ છે.

ગાંધીનગરના સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાંથી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં સત્તાના જોરે કાયદો લાચાર બનીને બેસી રહ્યો છે અને પોલીસ સ્ટેશન જાણે કોઈ રાજકીય પક્ષનું કાર્યાલય બની ગયું હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીના પરિવારની મહિલાઓ વિરુદ્ધ સોશિયલ મીડિયા અને જાહેરમાં અત્યંત નીચ કક્ષાની અને અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આ મામલે જ્યારે કાયદેસરની



ફરિયાદ નોંધાવવા માટે જિજ્ઞેશ મેવાણી અને તેમના સમર્થકો સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યા, ત્યારે પોલીસ અધિકારીઓની રગશાઈ અને રાજકીય દબાણ ખુલ્લેઆમ સપાટી પર આવી ગયા હતા. ચૂંટાયેલા જનપ્રતિનિધિના પરિવારની મહિલાનું જાહેરમાં અપમાન થતું હોય અને પોલીસ સ્ટેશનમાં બેઠેલા અધિકારીઓ ફરિયાદ લેવામાં પોતાના હાથ ધ્રૂજાવતા હોય, તો સામાન્ય પ્રજાની સુરક્ષાની કલ્પના જ કઈ રીતે કરી શકાય?

ઘટનાને લઈને ભારે રોષ વ્યક્ત કરતા આક્ષેપો થયા છે કે આ પોલીસ સ્ટેશન ગુજરાતની જનતાનું છે કે પછી કોઈ રાજકીય પક્ષના આઈટી સેલ કે નેતાઓના રક્ષણ માટેનું કેન્દ્ર બની ગયું છે? ભાજપના એક નેતા દ્વારા કરવામાં આવેલી આ હીન કક્ષાની હરકત વિરુદ્ધ જ્યારે ફરિયાદ દાખલ કરવાનો સમય આવ્યો, ત્યારે સ્થાનિક સત્તાધીશોના ઈશારે પોલીસ ફરિયાદ નોંધવાથી બચતી નજરે પડી. આ બાબત સાબિત કરે છે કે ભાજપની માનસિકતા મહિલાઓ અને બહેન-દીકરીઓ પ્રત્યે કયા સ્તરની નીચે ગયેલી છે.

### 15 હજાર વધુ ઈમારત પર સિસ્ટમ લગાવી 65 મેગાવોટ ઉમેરાશે

## ગુજરાતની સરકારી ઈમારતો બનશે સોલાર વીજળીના મોટા કેન્દ્રો : 6,014 સરકારી ઈમારત પર 95 મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા

ગાંધીનગર

ગુજરાતમાં સરકારી ઈમારતો હવે માત્ર વહીવટી કામગીરીનું કેન્દ્ર નહીં, પરંતુ વીજળી ઉત્પાદનનું માધ્યમ પણ બની રહી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 6,014 સરકારી ઈમારત પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત થઈ ચૂકી છે. આ સિસ્ટમની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા 95 મેગાવોટ સુધી પહોંચી છે. હવે ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં વધુ 15,000 સરકારી ઈમારતો પર સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવાનું આયોજન છે, જેના પગલે આશરે 65 મેગાવોટ નવી સોલાર ક્ષમતા ઉમેરાશે. ક્લાઈમેટ ચેન્જ વિભાગ હેઠળ ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) દ્વારા વર્ષ 2011-12થી આ પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે. તેનો મુખ્ય ઉદ્દેશ સરકારી ઈમારતોમાં



પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ વધારવાનો તેમજ પરંપરાગત વીજળી પરની નિર્ભરતા ઘટાડવાનો છે. ક્લાઈમેટ ચેન્જ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વર્ષ 2025-26 દરમિયાન 1,377 સરકારી ઈમારતો પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી હતી. તેના પરિણામે 17.1 મેગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતાનો ઉમેરો થયો હતો. માર્ચ 2026 સુધીમાં રાજ્યમાં સોલાર રૂફટોપ ધરાવતી સરકારી ઈમારતોની સંખ્યા વધીને 6,014 થઈ છે અને તેની કુલ ક્ષમતા 95 મેગાવોટ થઈ છે. ચાલુ વર્ષે સરકારી ઈમારતો પર સોલાર સ્થાપનનું અત્યાર સુધીનું સૌથી મોટું વિસ્તરણ હાથ ધરવામાં આવી રહ્યું છે.

15,000 ઈમારતોને સોલારથી જોડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે વર્ષ 2026-27માં કુલ 314 કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. GEDAના નિયામક ધર્મેન્દ્ર પટેલ (IAS)ના જણાવ્યા મુજબ, યોજના હેઠળ સરકારી ઈમારતો પર સોલાર સિસ્ટમ સ્થાપવા માટે આબોહવા પરિવર્તન વિભાગની વાર્ષિક બજેટ જોગવાઈમાંથી 100 ટકા મૂડી ખર્ચની સહાય આપવામાં આવે છે.

### સુરત ક્રિકેટમાં સત્તાની ભૂખ અને ભ્રષ્ટાચારનો વિસ્ફોટ

## SDCAની એજીએમમાં નાણાકીય અને વહીવટી ગેરરીતિઓને લઈને ભારે હોબાળો!

સુરત

ગુજરાતમાં ખેલકૂદના પવિત્ર ક્ષેત્રને પણ રાજકીય અને સ્વાર્થી તત્વોએ ભ્રષ્ટાચારનો અડ્ડો બનાવી દીધું છે તેનું વધુ એક શરમજનક ઉદાહરણ સુરતમાંથી સામે આવ્યું છે. સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (SDCA) ની વાર્ષિક સામાન્ય સભા (AGM) દરમિયાન નાણાકીય અનિયમિતતાઓ અને વહીવટી ગેરરીતિઓને લઈને એટલો બધો હોબાળો મચી ગયો કે સમગ્ર ખેલ જગતમાં હડકંપ મચી ગયો છે. ક્રિકેટના વિકાસના નામે સત્તાની ખુરશીઓ પર બેઠેલા પદાધિકારીઓ દ્વારા કરવામાં આવતી મનમાની અને ભ્રષ્ટાચાર હવે ખુલ્લા પડી ગયા છે. એસડીસીએ (SDCA) ની એજીએમ બેઠકમાં જ્યારે હિસાબો અને વહીવટી નિર્ણયો પર ચર્ચા શરૂ થઈ, ત્યારે અંદરના કાળા કારનામા બહાર આવવા લાગ્યા. સંસ્થાના ભંડોળનો પારદર્શક ઉપયોગ કરવાને બદલે પોતાના અંગત હિતો સંતોષવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો થયા છે. કરોડો રૂપિયાના ટેન્ડરો અને નાણાકીય વ્યવહારોમાં શંકાસ્પદ ગોલમાલ કરવામાં આવી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે, જેના કારણે સભ્યો અને ખેલપ્રમીઓમાં તંત્ર સામે ઉગ્ર આક્રોશ જોવા મળ્યો છે.

## ગુજરાતના 10 હજારથી વધુ મહેસૂલ કર્મચારીઓ હડતાળ પર: કચેરીઓમાં કામકાજ ઠપ્પ, લોકો ધક્કા ખાવા મજબૂર!

### ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના મહામંત્રી કે. સી. સોલંકીએ આ અંગે જણાવ્યું હતું કે, 'અમારી 14 માંગણીઓ અંગે અગાઉ સરકારે ચર્ચા કરીને 30 દિવસમાં નિરાકરણ લાવવાની હૈયાધારણ આપી હતી, પરંતુ એક પણ માંગણીનો ઉકેલ ન આવતાં અમારે આંત્યંતિક પગલું ભરવું પડ્યું છે

ગાંધીનગર

ગુજરાતમાં આજે 10,000થી વધુ મહેસૂલી કર્મચારીઓ તેમની 14 પડતર માંગણીઓ જેવી કે પ્રમોશન, ફિક્સ પે અને બદલી નહીં સંતોષાતા માસ સીએલ પર ઉતરી ગયા. રાજ્યભરના રેવન્યુ ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદારો આ આંદોલનમાં જોડાયા છે, જેમાં અમદાવાદ જિલ્લાના આશરે 450 કર્મચારીઓ સામેલ છે. આ કારણે સરકારી કચેરીઓમાં વહીવટી કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે, જેનાથી અરજદારો મુશ્કેલીમાં મુકાયા. ગુજરાતમાં પ્રમોશન, ફિક્સ પે અને બદલી સહિતની વિવિધ પડતર માંગણીઓ ન સંતોષાતાં આજે (પાંચમી ઑક્ટોબર) રાજ્યભરના 10 હજારથી વધુ મહેસૂલી કર્મચારીઓ એકસાથે માસ સીએલ (સામૂહિક રજા) પર ઉતરી ગયા છે. સમગ્ર રાજ્યના રેવન્યુ ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદારો આ આંદોલનમાં જોડાયા છે, જેમાંથી અમદાવાદ જિલ્લાના જ આશરે 450 જેટલા કર્મચારીઓ હડતાળમાં સામેલ છે. કર્મચારીઓની આ હડતાળના કારણે સરકારી કચેરીઓમાં વહીવટી કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. મહેસૂલી કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં રેવન્યુ તલાટીના જોબ ચાર્જમાં રહેલી વિસંગતતા દૂર કરવી, પૂરતું મહેકમ ફાળવી યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવી, 2015ના વર્ષમાં પ્રમોશન આપીને અન્ય જિલ્લામાં મૂકાયેલા ક્લાર્કને મૂળ જિલ્લામાં પરત લાવવા, 2012ની સીધી ભરતીના નાયબ મામલતદારોને 'ડીમ્ડ ડેટ'નો લાભ આપવો તેમજ 2025માં તૈયાર કરાયેલી સિનિયોરિટી લિસ્ટ ફાઈનલ કરવાનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના મહામંત્રી કે. સી. સોલંકીએ આ અંગે જણાવ્યું હતું કે, 'અમારી 14 માંગણીઓ અંગે અગાઉ સરકારે ચર્ચા કરીને 30 દિવસમાં નિરાકરણ લાવવાની હૈયાધારણ આપી હતી. પરંતુ એક પણ માંગણીનો ઉકેલ ન આવતાં અમારે આંત્યંતિક પગલું ભરવું પડ્યું છે. જો સરકાર દ્વારા આ માંગણીઓ નહીં સંતોષાય તો આગામી સાતમી ઑક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળ પર જવામાં આવશે.'

### ભાજપ સરકારની આર્થિક નીતિઓથી દેશ બરબાદીના આરે: શક્તિસિંહ ગોહિલ

# મોદી સરકારે મધ્યમ વર્ગ અને શેરબજારના રોકાણકારોને પાયમાલ કરી દીધા: AICCના રાષ્ટ્રીય પ્રવક્તાનો પ્રચંડ હુમલો

અમદાવાદ

દેશની અર્થવ્યવસ્થાને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા કેન્દ્ર સરકાર પર અત્યાર સુધીનો સૌથી મોટો અને આક્રમક પ્રહાર કરવામાં આવ્યો છે. એઆઈસીસીના રાષ્ટ્રીય પ્રવક્તા અને પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલે એક વિગતવાર અખબારી યાદી અને પ્રેસ કોન્ફરન્સ દ્વારા ભાજપ સરકારની પોલ ખોલી નાખી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ભાજપ સરકારની ભ્રષ્ટ અને મૂડીવાદી નીતિઓના કારણે દેશની અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ છે અને સામાન્ય નાગરિક માટે આજે પોતાનું ઘર ચલાવવું પણ દુષ્કર બની ગયું છે. શક્તિસિંહ ગોહિલે નોઈડાની એક હૃદયદ્રાવક ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, માત્ર બે દિવસ પહેલા નોઈડામાં ૨૮ વર્ષના એક યુવકે ૪૧મા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. મૃત્યુ પહેલા તેણે પોતાના પિતા સાથેની વાતચીતમાં માથે ચડેલા ભારે દેવાની વાત કરી હતી. ખેડૂતો હોય કે યુવાનો, આજે દેશમાં દરેક વર્ગ આત્મહત્યા કરવા મજબૂર બન્યો છે, જેની સીધી જવાબદારી કેન્દ્ર સરકારની ખોટી નીતિઓની છે. કોંગ્રેસના સુવર્ણ કાળને યાદ કરતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે ૧૯૯૧માં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર આવી ત્યારે અગાઉની સરકારોએ દેશનું સોનું વિદેશમાં ગિરવે મૂકવું પડ્યું હતું. પરંતુ ૧૯૯૩માં કોંગ્રેસ સરકારના નાણામંત્રી ડૉ. મનમોહન સિંહજીએ દેશનું હિત સુરક્ષિત રાખીને વિદેશી રોકાણકારો માટે બજાર ખુલ્લું મૂક્યું, જેના કારણે દેશનું ગિરવે મૂકેલું સોનું પાછું આવ્યું અને અર્થવ્યવસ્થાને મજબૂત તાકાત મળી. આજના સંજોગોની તુલના કરતા તેમણે જણાવ્યું કે ભાજપ સરકારની અસમર્થતા અને ભ્રષ્ટાચારને કારણે આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારો એફઆઈઆઈ પોતાની મૂડી ભારતમાંથી પાછી ખેંચીને અન્ય દેશોમાં જઈ રહ્યા છે. જાન્યુઆરી ૨૦૨૬થી સપ્ટેમ્બર ૨૦૨૬ના માત્ર ૯ મહિનાના ટૂંકા ગાળામાં જ વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી ૪.૦૩ લાખ કરોડ રૂપિયા બહાર કાઢી લીધા છે. તાજેતરમાં જ ૨૯, ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબર એમ માત્ર ત્રણ જ દિવસમાં વિદેશી રોકાણકારોએ ૨૯,૦૦૦ કરોડ રૂપિયાનું જંગી વેચાણ કર્યું છે, જે દેશના બજાર માટે અત્યંત ચિંતાજનક છે. દેશના ૧૩ કરોડથી વધુ મધ્યમ વર્ગના શેરબજાર રોકાણકારોની દયનીય સ્થિતિ અંગે વાત કરતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે ૨૦૦૪માં ડૉ. મનમોહન સિંહ વડાપ્રધાન અને સોનિયા ગાંધી યુપીએના ચેરપર્સન બન્યા ત્યારે મધ્યમ વર્ગને રાહત આપવા માટે કેપિટલ ગેઈન ટેક્સ દૂર કર્યો હતો અને માત્ર એસટીટી ટેક્સ રાખ્યો હતો. પરંતુ ભાજપ સરકારે મધ્યમ વર્ગ પર બેવડો કરબોજ લાદી દીધો છે. ખરીદી કે વેચાણ પર એસટીટી ચૂકવવો પડે છે, સાથે શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન પર ૨૦ ટકા અને લોંગ ટર્મ ગેઈન પર ૧૨.૫ ટકા ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૪ની ચૂંટણી ટાણે વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી દ્વારા દેશના લોકોને શેરબજારમાં અંધાધૂંધ રોકાણ કરવા માટે ઉશ્કેરવામાં આવ્યા હતા. વડાપ્રધાને દાવો કર્યો હતો કે બજાર એટલું ઊંચું જશે કે સોફ્ટવેર પણ ઓછા પડી જશે અને ગૃહ મંત્રીએ પણ સેન્સેક્સ આકાશને આંબશે તેવી મોટી વાતો કરી હતી. આ નેતાઓની વાતોમાં આવીને સપ્ટેમ્બર ૨૦૨૪માં જ્યારે સેન્સેક્સ ૮૫,૮૩૬ હતો ત્યારે રોકાણ કરનાર મધ્યમ વર્ગ આજે પસ્તાઈ રહ્યો છે, કારણ કે ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સેન્સેક્સ ગગડીને ૭૨,૫ પર આવી ગયો છે. નેતાઓની ભ્રામક વાતોને કારણે રોકાણકારોની મૂડી ધોવાઈ ગઈ છે અને ઉપરથી ટેક્સનો બોજ સહન કરવો પડી રહ્યો છે. રૂપિયાની કથળેલી હાલત પર પ્રહાર કરતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે આજે ડોલર સામે રૂપિયો ૧૦૦ ની નજીક પહોંચી રહ્યો છે. ૨૦૧૨-૧૩માં જ્યારે વૈશ્વિક મંદી હતી અને ક્રૂડના ભાવ ૧૪૦ ડોલર પ્રતિ બેરલ હતા, ત્યારે પણ કોંગ્રેસ સરકારે ક્યારેય રૂપિયાને આટલો નબળો પડવા દીધો ન હતો અને પેટ્રોલ-ડીઝલના ભાવ નિયંત્રણમાં રાખ્યા હતા.

## નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં આવતા યાત્રીકોને નિ:શુલ્ક ના નામે લૂંટાતા મંદિર ટ્રસ્ટ બચાવશે?

ટેન્ડરની શરતોનો સરેઆમ ભંગ કરી એજન્સીએ યાત્રિકો પાસેથી કરોડોની વસૂલાત કરી

અંબાજી

શક્તિપીઠ અંબાજીમાં દરરોજ લાખોની સંખ્યામાં ભક્તો મા અંબાના દર્શન કરવા આવે છે. હાલમાં જ યોજાયેલા ભાદરવી મહામેળામાં 43 લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શન કર્યા હતા.આ મેળા દરમિયાન મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા નિ:શુલ્ક લગેજ અને પગરખા કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ આ નિ:શુલ્ક કેન્દ્રોના નામે એજન્સી દ્વારા યાત્રિકો પાસેથી કરોડો રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા હતા, એજન્સીએ ટેન્ડરની શરતોનો સરેઆમ ભંગ કર્યો છે. ટેન્ડરમાં સ્પષ્ટ લખ્યું હોવા છતાં કે સેવા સંપૂર્ણ નિ:શુલ્ક રહેશે, એજન્સીના માણસોએ યાત્રિકો પાસેથી મનફાવે તેમ રૂ. 50 અને રૂ. 100 ની વસૂલાત કરી હતી.ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે, ટેન્ડરની શરતોનો ભંગ કરનાર એજન્સી સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? આવી એજન્સીને તાત્કાલિક દૂર કરી બ્લેકલિસ્ટ કરવામાં આવે તેવી ભક્તોની માંગ છે.બીજી બાજુ નવરાત્રી અને દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે, ત્યારે અંબાજીમાં યાત્રિકોનો ભારે ઘસારો રહેવાનો છે. અંબાજીના તમામ ગેટો પર લગેજ અને પગરખા મૂકવાની વ્યવસ્થા 365 દિવસ નિ:શુલ્ક હોય છે, પરંતુ આ એજન્સીના માણસો યાત્રિકો પાસે 'જે આપવું હોય તે આપો' એમ કહીને પરોક્ષ રીતે રૂપિયાની ઉઘરાણી કરે છે.

## વનરક્ષક અને વનપાલ કર્મચારી પંચમહાલ જીલ્લા યુનિટ દ્વારા પડતર પ્રશ્નોના નિરાકરણને લઈને લેખિતમા આવેદન

ગોધરા ( પંચમહાલ)



ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા રાજ્યના વનરક્ષક તથા વનપાલ સંવર્ગના કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર અને સંબંધિત વિભાગ સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. પંચમહાલ જીલ્લાના વનવિભાગના વનરક્ષક તેમજ વનપાલ કર્મચારીઓએ પોતાના પ્રશ્નોને લઈને લેખિતમા રજુઆત કરીને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. વન રક્ષક અને વનપાલ પંચમહાલ જીલ્લાના યુનિટ દ્વારા નાયબ વન રક્ષક ગોધરા (નોર્મલ) ને આવેદનપત્ર આપી પોતાના પડતર પ્રશ્નો રજુઆત કરવામા આવી હતી. જેમા રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા રાજ્યના વનરક્ષક તથા વનપાલ સંવર્ગના કર્મચારીઓના હિત તથા રાજ્યના વન, વન્યજીવ અને પર્યાવરણના સંરક્ષણને ધ્યાનમાં રાખી સમયાંતરે વિવિધ પ્રશ્નો અંગે સરકારશ્રી તથા સંબંધિત વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. વનરક્ષક એ રાજ્યના વન અને વન્યજીવ સંરક્ષણની કામગીરીમાં સીધી પાયાની ફિલ્ડ કેડર છે. પ્રતિકૂળ વાતાવરણ, અંતરીયાળ તથા સંવેદનશીલ વિસ્તારો, વન્યજીવોના જોખમો અને મર્યાદિત માનવબળ વચ્ચે આ કર્મચારીઓ દ્વારા સતત ફરજ બજાવવામાં આવે છે. તેમ છતાં લાંબા સમયથી તેમના કેટલાક મૂળભૂત સેવા, વહીવટી, આર્થિક, માનવીય તથા સુરક્ષા સંબંધિત પ્રશ્નોના વારંવાર રજૂઆત છતાં કોઈજ નિકાલ આવેલો ન હોય જેથી વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાનો નિર્ણય કરવામાં આવે છે.તેવુ આવેદનપત્રમા જણાવાયુ હતુ.

### ગાંધીનગર ભાજપનો મહા-પર્દાફાશ

## 41માંથી 22 કોર્પોરેટરોએ ચૂંટણી ખર્ચનો હિસાબ ન આપીને કર્યો કાયદાનો ભંગ, છતાં ભાજપે એ જ 12 ફ્રોડ ચહેરાઓને ફરી આપી ટિકિટ!

ગાંધીનગર

પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો માહોલ અત્યારે ચરમસીમા પર છે, ત્યારે શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટી (BJP) નો એક અત્યંત શરમજનક અને લોકશાહીને કલંક લગાવતો ચહેરો ખુલ્લો પડ્યો છે. ગાંધીનગરમાં ભાજપના ૧૨ કોર્પોરેટરો આગામી સમયમાં ૬ વર્ષ માટે ગેરલાયક ઠરે તેવી પૂરી તલવાર લટકી રહી છે! ચોંકાવનારી હકીકત એ છે કે મનપાના કુલ ૪૧ કોર્પોરેટરોમાંથી ૨૨ જેટલા કોર્પોરેટરોએ ચૂંટણી ખર્ચનો હિસાબ જ જમા નથી કરાવ્યો. કલેક્ટર દ્વારા એક-બે નહીં પરંતુ પૂરી ૬-૬ નોટિસો ફટકારવા છતાં આ બેફામ બનેલા નેતાઓ સત્તાના મદમાં કલેક્ટર સમક્ષ હાજર સુદ્ધાં થયા નથી! છતાંય ભાજપ હાઈકમાન્ડે શરમ નેવેરીને આ જ નિયમ અને કાયદો તોડનારા ૧૨ જેટલા ભ્રષ્ટ કોર્પોરેટરોને ફરીથી મેદાનમાં ઉતારીને ટિકિટોની રેવડીઓ વહેંચી છે! જે લોકો કાયદાનું પાલન નથી કરતા અને ચૂંટણી પંચના આદેશોને ધોઈને પી જાય છે, તે લોકશાહીના પવિત્ર મંચ પર બેસવા માટે



સદંતર અલાયદા અને ગેરલાયક છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ જે નેતાઓએ ખર્ચનો હિસાબ નથી આપ્યો, તેઓ ભવિષ્યમાં પણ ૬ વર્ષ માટે સત્તા પર રહેવા લાયક નથી રહેવાના. જો ગાંધીનગરની જનતા ભૂલથી પણ આવા નિયમ ભંગ કરનારાઓને જીતાડશે, તો પણ તેઓ ગેરલાયક જ ઠરવાના છે. મતલબ કે ભાજપને પડતો પ્રત્યેક મત સીધો પાણીમાં બેસવા એટલે કે મત વેડફવા બરાબર છે!

ગાંધીનગરના રાજકારણનો ઈતિહાસ ગવાહી આપે છે કે ગત ટર્મમાં કોંગ્રેસના બે વિજેતા કોર્પોરેટરો સત્તાની લાલચમાં ભાજપમાં પક્ષપલટો કરીને ભળી ગયા હતા અને જનતા સાથે દ્રોહ કર્યો હતો. આનાથી વિપરીત, આમ આદમી પાર્ટી (AAP) નો માત્ર એક જ કોર્પોરેટર હોવા છતાં, તેણે પાંચેય વર્ષ સુધી પક્ષપલટો કર્યા વગર જનતાના હકો માટે રસ્તાથી લઈને સદન સુધી લોખંડી લડત લડીને ઈમાનદારીની મિસાલ કાયમ કરી છે. ગાંધીનગરની જનતા માટે જો કોઈ સાચો, મજબૂત અને એકમાત્ર ઈમાનદાર વિકલ્પ બચ્યો હોય, તો તે માત્ર આમ આદમી પાર્ટી (AAP) છે.

## ગુજરાત સરકારના વિવાદાસ્પદ 'ભાડા વિધેયક-2026' સામે વકીલોમાં આક્રમક રોષ

દાંતા કોર્ટના વકીલોની અનિશ્ચિત મુદતની હડતાળથી કોર્ટનું કામકાજ ઠપ!

દાંતા/બનાસકાંઠા



ગુજરાત સરકાર દ્વારા લવારામાં આવેલા નવા અને વિવાદાસ્પદ 'ભાડા વિધેયક-૨૦૨૬' (Rent Bill 2026) સામે હવે રાજ્યભરમાં વકીલ આખીમાં જબરદસ્ત વિસ્ફોટ જોવા મળી રહ્યો છે. બનાસકાંઠાના દાંતા ખાતે કોર્ટના તમામ વકીલોએ સરકારના આ કાળા કાયદા સામે બાયો ચડાવી દીધી છે. ભાડા વિધેયકની જનતા અને ન્યાયતંત્ર વિરોધી નીતિઓના વિરોધમાં દાંતા કોર્ટના વકીલોએ આજથી તમામ ન્યાયિક કામકાજથી અળગા રહીને અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરી દીધું છે. વકીલોના આ ઉગ્ર વિરોધને કારણે દાંતા કોર્ટમાં કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. દાંતા બાર એસોસિએશનના પ્રમુખશ્રી કે. એ. ગઢવીએ સરકારને આડે હાથ લેતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, દાંતા બારના તમામ વકીલો સમગ્ર ગુજરાતના વકીલોની સાથે ખભે ખભો મિલાવીને આ લડાઈ લડી રહ્યા છે. સરકાર દ્વારા ભાડા વિધેયક-૨૦૨૬ માં જે અન્યાયકારી, જનવિરોધી અને ગેરબંધારણીય જોગવાઈઓ ઠૂંસવામાં આવી છે, તે કોઈપણ ભોગે ચલાવી લેવામાં નહીં આવે. વકીલોએ સરકારને ગર્ભિત ચીમકી આપતા જણાવ્યું છે કે જ્યાં સુધી આ કાળી જોગવાઈઓને સંપૂર્ણપણે રદ કરવામાં નહીં આવે, ત્યાં સુધી દાંતા કોર્ટના વકીલો હડતાળ પર જ રહેશે અને ન્યાયિક પ્રક્રિયાથી દૂર રહેશે. રાજ્યભરમાં વકીલો દ્વારા આપવામાં આવી રહેલા આ હડતાલના એલાનને કારણે સરકારની મુશ્કેલીઓ વધી ગઈ છે.

### ડભોઈ રેલવે પોલીસની ધમાકેદાર કાર્યવાહી

## રનિંગ ટ્રેનમાં વોશરૂમમાંથી ઝડપાયો 2.18 લાખનો વિદેશી દારૂનો જથ્થો!!

ડભોઈ



ગુજરાતમાં દારૂબંધીના કાયદાના ધજાગરા ઉડાડતા બુટલેગરો હવે ટ્રેનોનો ઉપયોગ શંકાસ્પદ અને ગેરકાયદેસર હેરાફેરી માટે કરવા લાગ્યા છે, પરંતુ સુરત રેલવે પોલીસની સતર્ક ટીમે ડભોઈ રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અત્યંત સચોટ અને ઘાતક રેડ પાડીને બુટલેગરોના ખેલ ખાટા કરી નાખ્યા છે. અલીરાજપુર-પ્રતાપનગર રનિંગ ટ્રેનમાંથી લાખો રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે, જેનાથી રેલવે બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પશ્ચિમ રેલવે સુરત વિભાગની એલસીબી (LCB) ટીમ ડભોઈ રેલવે સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ અને નાકાબમાં હાજર હતી. આ દરમિયાન પોલીસ ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે અલીરાજપુરથી પ્રતાપનગર તરફ જતી પેસેન્જર ટ્રેનમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસે સતર્ક બનીને ટ્રેન પાવીજેતપુર રેલવે સ્ટેશન પસાર કરીને આગળ વધી રહી હતી ત્યારે જ રેલવે પોલીસની ટીમે ટ્રેનમાં એન્ટ્રી મારી દીધી હતી અને અલગ-અલગ કોચમાં ઝીણવટભરી તલાશી અભિયાન શરૂ કર્યું હતું. બુટલેગરોએ પોલીસની નજરથી બચવા માટે દારૂ છુપાવવા એવો કિમીયો અપનાવ્યો હતો જે જાણીને પોલીસ પણ ચોંકી ગઈ. તપાસ દરમિયાન ટ્રેનના શૌચાલયની બરાબર ઉપરના ભાગે આવેલા પ્લેટફોર્મ-પાટીયા પર ખૂબ જ ચાલાકીથી વિદેશી દારૂ અને બિયરની બોટલો તથા ટીન છુપાવીને રાખવામાં આવ્યા હતા. પોલીસે ટ્રેનના ડબ્બાના ખૂણે-ખૂણે તપાસ કરીને આ સંતાડેલો જથ્થો બહાર કાઢ્યો હતો.

## ડભોઈ તાલુકાના ધરમપુરી નજીક કપાસ ભરેલી ટ્રક પલટી બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત

ડભોઈ

ડભોઈ તાલુકાના ધરમપુરી ગામ નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં કપાસ ભરેલી એક આઈશર/ટ્રક પલટી મારી જતાં બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતના પગલે માર્ગ પર કપાસની ગાંસડીઓ વેરાઈ જવાહનવ્યવહાર ખોરવાયો હતો અને લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા સર્જાયો અકસ્માત મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આ ટ્રક મહારાષ્ટ્ર તરફથી કપાસનો મોટો જથ્થો ભરીને અમદાવાદ તરફ જઈ રહી હતી. તે દરમિયાન ડભોઈ તાલુકાના ધરમપુરી પાટિયા નજીક અચાનક ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ બહાર ગયેલી ટ્રક માર્ગની વચ્ચે જ ધડાકાભેર પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા આ દુર્ઘટનામાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ સ્થાનિક રહીશો અને રાહદારીઓએ માનવતા દાખવી બચાવ કામગીરી શરૂ કરી હતી.

### ડભોઈના સાઠોદ ગામના

## વોર્ડ નં.1માં નરક જેવી સ્થિતિ: 4-5 મહિનાથી નળમાં આવે છે ગટર જેવું દુર્ગંધયુક્ત પાણી!

ડભોઇ



ડભોઇ તાલુકાના સાઠોદ ગામમાંથી એક અત્યંત ચોંકાવનારો અને ગ્રામજનોની જિંદગી સાથે ચેડાં કરતો ગંભીર મારો સામે આવ્યો છે. ગામના વોર્ડ નંબર ૧ માં છેલ્લા ચારથી પાંચ મહિનાથી પીવાના પાણીની એટલી ભયાનક સમસ્યા સર્જાઈ છે કે લોકોનું જીવન નરક સમાન બની ગયું છે. ગ્રામજનોના ઘરોમાં નળ વાટે શુદ્ધ પાણીના બદલે સીધું ગટર જેવું અત્યંત દૂષિત અને ગંદી વાસ મારતું પાણી આવી રહ્યું છે. પાણીની દુર્ગંધ એટલી હદની ખરાબ છે કે ઘરમાં રસોઈ બનાવતી વખતે સમગ્ર વાતાવરણ અસહ્ય વાસથી ભરાઈ જાય છે અને આ પાણીનો ઉપયોગ કરવો તો દૂર, નજરે જોવું પણ મુશ્કેલ બન્યું છે.

સ્થાનિક રહીશોએ ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે આ ગંભીર સમસ્યા અંગે અગાઉ મળેલી ગ્રામસભામાં સરપંચ અને તલાટી-કમ-મંત્રીને લેખિતમાં સત્તાવાર રજૂઆતો કરવામાં આવી હતી. એટલું જ નહીં, પરંતુ તાજેતરમાં જ ૨ ઓક્ટોબરના રોજ યોજાયેલી ગાંધી જયંતિની ગ્રામસભા દરમિયાન પણ આ જ્વલંત પ્રશ્ન ફરીથી ભારપૂર્વક ઉઠાવવામાં આવ્યો હતો. આમ છતાં પંચાયત તંત્ર, સરપંચ કે સત્તાધીશોના પેટનું પાણી પણ હલ્યું નથી અને સમસ્યાના ઉકેલ માટે કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. છેલ્લા કેટલાય મહિનાઓથી આ પ્રકારે ગંદું, પ્રદૂષિત અને બીમારી નોતરે તેવું પાણી પીવા માટે મજબૂર બનેલા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયેલો છે.

ગામમાં ટાઈફોઈડ, કમળો, મરડો અને ઝાડા-ઉલટી જેવા પાણીજન્ય ગંભીર રોગો ફેલાવાની પૂરેપૂરી દહેશત રહેલી છે. સ્થાનિક લોકોએ તંત્ર સામે સીધો સવાલ ઉઠાવ્યો છે કે, 'જો આ દૂષિત પાણીના કારણે સાઠોદ ગામમાં કોઈ મોટી બીમારી ફાટી નીકળશે અને કોઈ નિર્દોષનો ભાઈ જશે, તો તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી કોણ લેશે?

' સાઠોદ ગામના વોર્ડ નં. ૧ ના ત્રાસેલા લોકોએ હવે વહીવટી તંત્ર સમક્ષ ઉગ્ર માંગણી કરી છે કે જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક આ મા માં હસ્તક્ષેપ કરે.

### હાઈવે પર ભારે ટ્રાફિક જામ

## ડભોઈ તાલુકાના ધરમપુરી નજીક કપાસ ભરેલી ટ્રક પલટી બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત

ડભોઇ



ડભોઈ તાલુકાના ધરમપુરી ગામ નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં કપાસ ભરેલી એક આઈશર/ટ્રક પલટી મારી જતાં બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતના પગલે માર્ગ પર કપાસની ગાંસડીઓ વેરાઈ જવાહનવ્યવહાર ખોરવાયો હતો અને લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા સર્જાયો અકસ્માત મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આ ટ્રક મહારાષ્ટ્ર તરફથી કપાસનો મોટો જથ્થો ભરીને અમદાવાદ તરફ જઈ રહી હતી. તે દરમિયાન ડભોઈ તાલુકાના ધરમપુરી પાટિયા નજીક અચાનક ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ બહાર ગયેલી ટ્રક માર્ગની વચ્ચે જ ધડાકાભેર પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ દુર્ઘટનામાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ સ્થાનિક રહીશો અને રાહદારીઓએ માનવતા દાખવી બચાવ કામગીરી શરૂ કરી હતી. કેબિનમાં ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે પોલીસે ટ્રાફિક ક્લિયર કરાવી તપાસ શરૂ કરી ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. માર્ગ પર ટ્રક પલટી ગઈ હોવાથી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પોલીસે ક્રેનની મદદથી પલટી ગયેલી ટ્રક તેમજ માર્ગ પર વિખરાયેલા કપાસના જથ્થાને બાજુ પર કરાવી ટ્રાફિક પૂર્વવત કરાવવાની કામગીરી હાથ ધરી હતી.

## જનતા પીવે પાણીની બુંદ-બુંદ માટે તરસે, ને ભાજપના પૂર્વ મંત્રી બચુ ખાબડના બંગલે ફાયર ટેન્કરની VIP 'શાહી સફાઈ'!

જનતાને પાણી માટે વલખાં, પણ સત્તાધારી પક્ષના નેતા માટે સરકારી ઇમરજન્સી સેવા બની ખાનગી ગુલામ

દાહોદ

ગુજરાતમાં જ્યાં એક તરફ સામાન્ય જનતા પીવાના પાણીની એક-એક બુંદ માટે વલખાં મારી રહી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ કિલોમીટર દૂરથી પાણી લાવવા મજબૂર છે, ત્યારે સત્તાના નશામાં ચૂર ભાજપી નેતાઓ સરકારી મશીનરીનો કઈ હદે દુરુપયોગ કરી રહ્યા છે, તેનું એક શરમજનક અને જીવતું જગતું ઉદાહરણ સામે આવ્યું છે. દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાં જનતા બે દિવસે એકવાર પાણી મેળવવા તરસી રહી છે, જ્યારે ભાજપના વર્તમાન ધારાસભ્ય અને વિવાદાસ્પદ પૂર્વ મંત્રી બચુ ખાબડના નિવાસસ્થાન (પીપેરો ગામે)ની સફાઈ માટે નગરપાલિકાનું સરકારી ફાયર ટેન્કર દોડી જાય છે!

આ ઘટનાએ ગુજરાતમાં ભાજપ સરકારના શાસનમાં ફણગો ફૂલેલી 'VIP સંસ્કૃતિ' અને ભ્રષ્ટ માનસિકતાની પોલ ખુલ્લી પાડી દીધી છે.

આ ગંભીર મામલે પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ આક્રમક વલણ અપનાવતા સરકારને કઠેડામાં ખીરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે: 'પ્રજાના કરવેરાના પૈસાથી ચાલતી ઈમરજન્સી સેવા કોઈની અંગત સેવા માટે નથી. ફાયર વાહન આગ બુઝાવવા અને માનવજીવ બચાવવા માટે છે, ન કે ભાજપના નેતાઓના બંગલા ધોવા કે કાર સાફ કરવા માટે! જે પ્રજાએ નેતાઓને સેવા કરવા માટે ચૂંટ્યા છે, તે જ પ્રજા આજે પાણી માટે રઝળે અને નેતાઓ સરકારી સાધનોથી જલસા કરે–આ વ્યવસ્થા ગુજરાત ક્યારેય સ્વીકારશે નહીં.'

કોંગ્રેસ પ્રવક્ ડૉ. મનિષ દોશીએ ભાજપ સરકાર અને મુખ્યમંત્રી સમક્ષ સીધા સવાલો ડાઘતા તંત્રની મિલીભગતનો પર્દાફાશ કર્યો છે: કોના આદેશથી ગયું ટેન્કર? પીપેરો ગામે ધારાસભ્યના નિવાસસ્થાને ફાયર ટેન્કર મોકલવાનો આદેશ કયા સક્ષમ અધિકારીએ આપ્યો?

પાક્કો ગુજરાત
મંગળવાર। 06 ઓક્ટોબર 2026 । અમદાવાદ


## તંત્રી લેખ...

# દિવાળી ટાણે સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ પર આફતનું સુનામી મોજું: કાચા માલના ભાવોમાં આગ લાગતા ગુજરાતનું મેન્ચેસ્ટર તબાહીના આરે!

## મોંઘવારી, બેરોજગારી અને સરકારી બેફામ લૂંટ સામે પ્રજાનો ત્રિશૂળ પ્રહાર: ખેડૂતો પરેશાન, યુવાનો બેરોજગાર અને આમ આદમી પાયમાલ!

ગુજરાતનું આર્થિક ધબકાર અને કાપડ ઉદ્યોગનું મહાનગર ગણાતું સુરત આજે એવા અંધકારમાં ધકેલાઈ ગયું છે કે જ્યાંથી બરબાદી સિવાય બીજું કંઈ દેખાતું નથી. દિવાળી જેવા પવિત્ર તહેવાર આડે જ્યારે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સુરતના કરોડો રૂપિયાના ટેક્સટાઈલ ઉદ્યોગ પર સંકટના કાળા ડુંગરો તોળાઈ રહ્યા છે. પોલિએસ્ટર યાર્ન અને અન્ય કાચા માલ (રા મટિરિયલ્સ)ના ભાવોમાં જે રાક્ષસી ભાવવધારો થયો છે, તેણે નાના-મોટા વીવર્સ અને ઉદ્યોગકારોની કમર તોડીને નાખી દીધી છે. જે કારખાનાઓ આખો દિવસ અવાજોથી ધમધમતા રહેતા હતા, ત્યાં આજે મંદીના સન્નાટા વચ્ચે મશીનો કાયમી માટે બંધ થવાના આરે આવીને ઊભા રહી ગયા છે, છતાં સત્તાના નશામાં અંધ બનેલા નેતાઓના પેટનું પાણી પણ હલતું નથી!



### કાચા માલના બેફામ ભાવવધારાથી મિલો અને લુમ્સ ઉદ્યોગ બરબાદ

વેપારીઓ અને કારખાનેદારો આજે આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે તેવી દયનીય અને ગંભીર પરિસ્થિતિ પેદા થઈ છે. કાચા માલના ભાવો આસમાને પહોંચી ગયા છે, પરંતુ તેની સામે તૈયાર કાપડના ભાવમાં કોઈ જ ગતિ નથી. વીજળીના અધધ... દરો, જીએસટીના જટિલ અને ત્રાસદાયક નિયમો તથા બેફામ મોંઘવારીએ સુરતના કાપડ ઉદ્યોગને અંદરથી સકંજામાં લઈને ખોખલો કરી દીધો છે. દિવાળીના સમયમાં જ્યાં કામદારોને બોનસ અને ઓર્ડરો પૂરા કરવાની દોડધામ હોવી જોઈએ, ત્યાં આજે લાખો કામદારો રોજગારી ગુમાવીને ભૂખમરાના આરે આવી ગયા છે. સરકારની નીતિઓની નિષ્ફળતાને કારણે સુરતનો આ મુખ્ય ઉદ્યોગ મોતની પથારીએ સૂઈ રહ્યો છે!

### ગુજરાતભરમાં ત્રાસ જ ત્રાસ: ખેડૂતો, યુવાનો અને આમ આદમીની ચીસાચીસ

સુરતના કાપડ ઉદ્યોગની આ દુર્દશા માત્ર એક ઉદ્યોગ પૂરતી સીમિત નથી, પરંતુ આ સમગ્ર ગુજરાતની ત્રાસદાયક અને દર્દનાક હકીકત છે.

અન્નદાતા ખેડૂત પાક વીમા અને સિંચાઈના પાણી માટે દર-દર ભટકી રહ્યો છે.

રાજ્યના યુવાનો પેપર લીક કાંડ, ભ્રષ્ટાચાર અને બેરોજગારીના કારણે રસ્તા પર પાયમાલ થઈ રહ્યા છે.

સામાન્ય જનતા અને આમ આદમી મોંઘવારીની એટલી ભયંકર માર નીચે દબાઈ ગયા છે કે બે ટૂંક સમયની રોટી રળવી પણ મુશ્કેલ બની ગઈ છે.

સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાતના માત્ર ખોખલા નાટકો ભજવવામાં આવે છે, પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે ગુજરાતનો ખૂણે-ખૂણો આજે હાહાકાર મચાવી રહ્યો છે. સરકાર તરફથી ઉદ્યોગોને કે જનતાને બચાવવા માટે કોઈ જ રાહત પેકેજ કે મદદ આપવામાં આવી નથી.

આવનારી વિધાનસભા ચૂંટણીમાં જનતા ઉતારશે ભાજપ સરકારનો અહંકાર!

સત્તાના મદમાં ચૂર રહેલી સરકાર એવું માની બેઠી છે કે પ્રજા મૂકપક્ષ બનીને બધું જ સહન કરી લેશે, પરંતુ હવે જનતાના પેટનો આંતરડો બોલી રહ્યો છે. સુરતના વેપારીઓ, કારખાનેદારો, યુવાનો, ખેડૂતો અને પીડિત જનતાના હૈયામાં સળગી રહેલો આ રોષ હવે કોઈ આગની જેમ ફાટી નીકળવા તૈયાર છે. જો સમયસર સરકાર નહીં ચેતે, તો આગામી વિધાનસભા ચૂંટણીમાં આ જ જનતા મતદાનના માધ્યમથી એવો પ્રચંડ જડબાતોડ જવાબ આપશે કે સિંહાસન પર બેઠેલા અહંકારીઓની કુરસીઓ હલી જશે! 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ની સ્પષ્ટ ચેતવણી છે કે પ્રજાના ધૈર્યની કસોટી કરવાનું બંધ કરો, નહીંતર જનતાનો આ જના આખી સરકારને જમીનદોસ્ત કરી નાખશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# વડોદરાનો 'બલડી મંડે' અને અંડરવર્લ્ડના ખેલ:

## જ્યારે મુકેશ હરજાણીની છાતીમાં ઉતારી દીધી ગોળીઓ, લાલુ સિંધી પર લાગ્યા હતા ગંભીર આરોપો!

વડોદરા સ્પેશિયલ ક્રાઈમ ડેસ્ક

ગુજરાતની અંધારી આલમમાં જ્યારે પણ લોહિયાળ ઈતિહાસ લખાય છે, ત્યારે વડોદરાના હરણી રોડ પર ૨૦ ઓક્ટોબર ૨૦૧૬ની એ કાળઝાળ રાત્રે બનેલી ઘટના ક્યારેય ભુલાતી નથી. ગુજરાતના દારૂના સિન્ડિકેટ પર એકછત્ર રાજ કરનાર કુખ્યાત 'લિકર કિંગ' મુકેશ હરજાણીની ફિલ્મીઢબે થયેલી હત્યાએ આખા રાજ્યને હચમચાવી દીધું હતું. આ હાઈ-પ્રોફાઈલ મર્ડર મિસ્ટ્રીમાં જ્યારે પણ કોઈ મોટું નામ લેવાય, ત્યારે સૌથી ઉપર જેનું નામ ઉછળે છે તે છે–કુખ્યાત બુટલેગર લાલચંદ ખનાણી ઉર્ફે 'લાલુ સિંધી'.

આખરે કોણ હતો આ લાલુ સિંધી? મુકેશ હરજાણી સાથે તેની દુશ્મનીની આગ કેટલી ભીષણ હતી? અને કેવી રીતે આખા ગુજરાતના ક્રાઈમ વર્તુળોમાં હડકંપ મચી ગયો હતો? આવો જાણીએ આ લોહિયાળ કહાનીની એકેએક વિગત.

1. કોણ હતો મુકેશ હરજાણી? - જેનું નામ સાંભળીને પોલીસ પણ થરથર કાંપતી

મુકેશ હરજાણી કોઈ સામાન્ય અપરાધી નહોતો. તે ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયેલા ગુનાહિત સામ્રાજ્યનો બેતાજ બાદશાહ હતો. તેની સામે હત્યા, જાનથી મારી નાખવાની ધમકીઓ, ખંડણી, અપહરણ અને પ્રોહિબિશનના ૩૧થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. ગુજરાતમાં દારૂની હેરાફેરીના નેટવર્કમાં તેનું વર્ચસ્વ એટલું મોટું હતું કે તેને 'લિકર કિંગ' તરીકે ઓળખવામાં આવતો હતો. હરજાણી એટલો ચાલાક અને ખતરનાક હતો કે તે અગાઉ પણ અનેક જીવલેણ હુમલાઓમાંથી હેમખેમ બચી ગયો હતો, પરંતુ તેની આ તાકાત જ તેના માટે મોતનું કારણ બની ગઈ.

૨. લાલુ સિંધી અને હરજાણી વચ્ચે વર્ચસ્વની ખતરનાક જંગ

વડોદરા અને આસપાસના વિસ્તારમાં દારૂના ધંધા પર કોનું રાજ રહેશે? આ સવાલે ગુજરાતના અંડરવર્લ્ડમાં બે મોટા રાક્ષસો (મુકેશ હરજાણી અને લાલુ સિંધી) વચ્ચે લોહિયાળ ટક્કર કરાવી હતી.

પોલીસ રેકોર્ડ અને તપાસ મુજબ, મુકેશ હરજાણી અને લાલુ સિંધી વચ્ચે અગાઉ મિત્રતા હતી, પરંતુ બાદમાં ધંધાકીય હરીફાઈ, કરોડો રૂપિયાની કમાણી




અને ગેંગના વર્ચસ્વને કારણે આ સંબંધો દુશ્મનીમાં ફેરવાઈ ગયા.

બંને એકબીજાના લોહીના તરસ્યા બન્યા હતા. અંડરવર્લ્ડમાં એવી ચર્ચાઓ જોરશોરથી હતી કે જો ગુજરાતમાં ટકી રહેવું હોય, તો આમાંથી એકે હટવું પડશે.

૩. એ રાત: જ્યારે હરણી રોડ પર ગુંજ્યા ગોળીઓના અવાજ

૨૦ ઓક્ટોબર ૨૦૧૬ની એ રાત્રે મુકેશ હરજાણી પોતાની કારમાં વડોદરાના હરણી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો. તેને જરાય અંદાજ નહોતો કે મોત તેની પાછળ જ છે. અચાનક જ એક ઘાતક પ્લાન હેઠળ હુમલાખોરોએ તેની કારને ઘેરી લીધી અને નજીકથી આડેધડ ૮ થી ૯ રાઉન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું. ગોળીઓ સીધી હરજાણીના માથા અને છાતીમાં વાગી. લોહીથી લથપથ હરજાણીનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું. હુમલાખોરો અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયા. આ હત્યાએ સાબિત કરી દીધું કે ગુજરાતના ક્રાઈમ સિન્ડિકેટમાં સત્તા બદલવા માટે ખૂની ખેલ રમાઈ ચૂક્યો છે.

૪. લાલુ સિંધીનું નામ બહાર આવતા મચી ગયો ખળભળાટ

હત્યા બાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આ કેસની તપાસ શરૂ કરી ત્યારે કડીથી કડી જોડાઈ અને સીધી આંગળી લાલુ સિંધી તરફ ચીંધાઈ.

પોલીસની તપાસમાં ખૂલ્યું કે મુકેશ હરજાણીના ખાતમા પાછળ લાલુ સિંધી અને તેની સિન્ડિકેટનો હાથ હોઈ શકે છે.

આ ખુલાસા બાદ વડોદરા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. લાલુ સિંધી પોલીસ પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. લાંબી ભાગદોડ બાદ પોલીસે લાલુ સિંધી સહિત કુલ ૧૧ શખ્સોની ધરપકડ કરી હતી અને આ કેસને ગેંગવૉર સાથે જોડ્યો હતો.

૫. કાયદાની આંખો અને ચોંકાવનારો અદાલતી ચુકાદો

આ હાઈ-પ્રોફાઈલ મર્ડર કેસની સુનાવણી લાંબો સમય સુધી અદાલતમાં ચાલી. પોલીસ દ્વારા લાલુ સિંધી અને તેના સાગરિતો સામે પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા, પરંતુ સપ્ટેમ્બર ૨૦૧૯માં વડોદરાની સેશન્સ કોર્ટે એવો ચુકાદો આપ્યો જેણે સૌને ચોંકાવી દીધા. કોર્ટે કાનૂની છટકબારીઓ અને પૂરતા તેમજ મજબૂત પુરાવાના અભાવે લાલચંદ ઉર્ફે લાલુ સિંધી સહિત તમામ ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કરીને છોડી મૂક્યા.

કોર્ટના આ ચુકાદાથી ભલે કાયદાકીય રીતે આરોપીઓ મુક્ત થઈ ગયા હોય, પરંતુ વડોદરાની ગલીઓ અને ક્રાઈમ હિસ્ટ્રીના પાનાઓમાં આ હત્યાકાંડ અને લાલુ સિંધીનું નામ હંમેશાં એક રહસ્ય અને ડર બનીને રહી ગયું છે.

શું લાલુ સિંધી અને મુકેશ હરજાણી વચ્ચેની આ દુશ્મનીનો અંત ખરેખર કાયદો લાવ્યો કે પછી અંધારી આલમના પડદા પાછળ હજુ પણ કંઈક બાકી છે? આ સવાલ આજે પણ વડોદરાના ખૂણે-ખૂણે ચર્ચાતો રહે છે.

# જ્યારે બે હૃદય નજીક આવે, ત્યારે સંબંધ માત્ર સ્પર્શનો નથી રહેતો...

દાંપત્યજીવનમાં નજીકતા માત્ર શરીરની જરૂરિયાત નથી; તે બે મનુષ્યો વચ્ચેની લાગણી, વિશ્વાસ, સ્વીકાર અને આત્મીયતાની અભિવ્યક્તિ પણ છે. જ્યાં હૃદયમાં પ્રેમ હોય, ત્યાં એક નિઃશબ્દ સ્પર્શ પણ હજારો શબ્દો કરતાં વધુ કહી જાય છે. જીવનસાથી સાથેની શારીરિક નિકટતા ત્યારે જ સુંદર બને છે, જ્યારે તેની પાછળ પરસ્પર સંમતિ, સન્માન અને લાગણીનું ઊંડું જોડાણ હોય. માત્ર ક્ષણિક આકર્ષણ સંબંધને લાંબો સમય સુખી રાખી શકતું નથી; સંબંધને જીવંત રાખે છે એકબીજાની લાગણીઓને સમજવાની કળા.



"સ્પર્શ તો ક્ષણભરનો હોય છે,
પણ લાગણીનો અહેસાસ લાંબો ચાલે છે;
શરીર નજીક આવે તે પહેલાં,
બે હૃદયનું નજીક આવવું જરૂરી છે."

દાંપત્યજીવનમાં ઘણી વખત લોકો એકબીજાની નજીક હોવા છતાં ભાવનાત્મક રીતે દૂર થઈ જાય છે. વાતચીતનો અભાવ, મનદુઃખ, અવિશ્વાસ અને એકબીજાને સમય ન આપવાની ટેવ સંબંધની ઉષ્માને ધીમે ધીમે ઓછી કરી નાખે છે. તેથી સાચી નિકટતા માત્ર એકાંતની ક્ષણોમાં નહીં, પરંતુ રોજિંદા જીવનની નાની-નાની કાળજીમાં પણ અનુભવાય છે.

એકબીજાની પસંદ-નાપસંદ સમજવી, થાકેલા જીવનસાથીને પ્રેમથી પૂછવું કે "આજે દિવસ કેવો રહ્યો?", મુશ્કેલીમાં સાથ આપવો અને મનની વાત સાંભળવી–આ બધું સંબંધની એવી સંપત્તિ છે, જે કોઈ ભૌતિક સુખ કરતાં ઘણી વધારે કિંમતી છે.

સુંદર દાંપત્યમાં શરીર કરતાં મનનું જોડાણ વધુ મહત્ત્વનું છે. કારણ કે શરીરની નજીકતા સમય સાથે બદલાઈ શકે છે, પરંતુ વિશ્વાસ, આદર અને લાગણીનું બંધન મજબૂત હોય તો સંબંધની સુંદરતા વર્ષો પછી પણ અકબંધ રહે છે.

અંતે એટલું જ–

"નજીક આવવાની ઉતાવળ કરતાં,
એકબીજાને સમજવાની તલપ હોવી જોઈએ;
કારણ કે સાચો સંબંધ શરીરથી નહીં,
વિશ્વાસથી સ્પર્શાય છે."

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# આંધ્રપ્રદેશમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણનો પવનચક્કી જેવો વિરોધ: મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની હાજરીમાં જ પ્રજાનો ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો!

## રાયલસીમામાં ખેડૂતો અને જનતા રસ્તા પર ઉતરી: કેન્દ્ર સરકાર સામે સૂત્રોચ્ચાર કરી નાણાં મંત્રીને બતાવ્યા કાળા વાવટા, રાજકારણમાં ભારે ભૂકંપ

અમદાવાદ / આંધ્રપ્રદેશ

દેશભરમાં આર્થિક નીતિઓ અને મોંઘવારીને લઈને જનતાનો રોષ હવે ખુલ્લેઆમ સપાટી પર આવી રહ્યો છે. આંધ્રપ્રદેશમાંથી એક અત્યંત મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં રાયલસીમા ક્ષેત્રમાં આયોજિત એક સત્તાવાર કાર્યક્રમ દરમિયાન દેશના કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણને સ્થાનિક નાગરિકો, ખેડૂત સંગઠનો અને વિરોધ પક્ષના કાર્યકરોના ભારે વિરોધ અને પ્રચંડ આક્રોશનો સામનો કરવો પડ્યો છે. સૌથી મોટી વાત તો એ છે કે આ આખો હાઈ-વોલ્ટેજ ડ્રામા રાજ્યના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુની સીધી હાજરીમાં જ બન્યો હતો, જેને લઈને રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે.

ચંદ્રબાબુ નાયડુ મંચ પર બેઠા હતા અને સામે જ પ્રજાનો ભડકો થયો

પ્રાપ્ત વિગતો અનુસાર, રાયલસીમા વિસ્તારમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેવું મંત્રીઓનું સંબોધન શરૂ થવાનું હતું કે તરત જ સભાસ્થળ પર હાજર સ્થાનિક ખેડૂતો, નાગરિકો અને વિવિધ સંગઠનોના આગેવાનો અચાનક ઉભા થઈ ગયા હતા અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની નીતિઓ સામે જોરદાર સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું હતું.

નાણાં મંત્રી સામે અચાનક ફાટી નીકળેલા આ ઉગ્ર વિરોધને કારણે સુરક્ષાકર્મીઓ અને પોલીસના પણ શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની હાજરીમાં જ જનતા દ્વારા આ પ્રકારે દેખાવો કરવામાં આવતા સરકારી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

ખેડૂતો અને જનતાના સવાલોથી મંત્રી ઘેરાયા

સ્થાનિક લોકો અને ખેડૂત સંગઠનોનો આક્ષેપ છે કે કેન્દ્ર સરકારની અર્થશાસ્ત્રીય નીતિઓ અને ખેડૂત વિરોધી વલણના કારણે સામાન્ય પ્રજાનું જીવવું દુષ્કર બની ગયું છે. મોંઘવારી, બેરોજગારી અને આર્થિક ભીંસમાં પીસાતા નાગરિકોએ નાણાં મંત્રી સમક્ષ પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં થયેલા આ ખુલ્લા વિરોધે સાબિત કરી દીધું છે કે જનતામાં સરકાર સામે ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે. આ ઘટના બાદ રાજકીય કોરિડોરોમાં ગરમાગરમી વધી ગઈ છે અને વિપક્ષો પણ સરકાર પર પ્રહારો કરવા સક્રિય થઈ ગયા છે.

# ચૂંટણી પંચના વડા જ્ઞાનેશકુમારના છૂપા કારનામાનો પર્દાફાશ: સુપ્રીમ કોર્ટમાં ઝૂઠું બોલવાનો ગંભીર આરોપ અને દેશભરમાં વોટ ચોરીનું વિવાદાસ્પદ કૌભાંડ!

## 26 સપ્ટેમ્બરના પ્રેસનોટમાં સુપ્રીમ કોર્ટના નામે ગોબેલ્સની નીતિ અપનાવ્યાનો આક્ષેપ: સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે "અમે કોઈ ફોર્મ-6માં ફેરફારને મંજૂરી નથી આપી!"

નવી દિલ્હી / અમદાવાદ

દેશની લોકશાહીના પાયા ગણાતી ચૂંટણી પ્રક્રિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો અને કાળો ધબ્બો લાગ્યો છે. ચૂંટણી પંચના સર્વોચ્ચ પદ પર બેઠેલા મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશકુમાર વિરુદ્ધ દેશભરમાંથી પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે.



ELECTION COMMISSION OF INDIA
Nirvachan Sadan, Ashoka Road, New Delhi-110001

No. ECI/PN/120/2026 26.09.2026

PRESS NOTE

The meeting of the Commission was held today i.e. 26.09.2026 at 3:00 PM. The following decisions were taken in the meeting:

i. In case of any person to whom notice has been issued during the ongoing SIR, for being unmapped and logical discrepancies, BLOs will visit the homes of such persons for collection of documents and thereafter upload them on the ECINet, for decision by the ERO. Such persons need not be called for hearing to ERO/AERO office. Only in exceptional circumstances, as decided by the ERO, the hearing will be held preferably online. Any adult member of the family can be authorized by the elector to attend the hearing on their behalf, if required. Facilities for the online hearing to be strengthened.

ii. DEOs (District Election Officers) will create adequate number of help desks/hold special camps for the people living in night shelters, labor, poor people, homeless etc. as per requirement.

iii. The declaration attached to Form 6 for SIR has been upheld by the Hon'ble Supreme Court. For non-SIR period, the Forms applicable as per Rules (the Registration of Electors Rules 1960) will be used.

iv. Field officers have role-based access to the ECINET system as per their statutory powers. A Committee headed by Sr. Deputy Election Commissioner (DEC) and including an independent expert from IIT/IIIT will review the ECINET to double-check that it complies with the provisions of the Acts and Rules and submit report to the Commission. Various upgradations of the portal have already been made based on the inputs from State CEOs in the past few months. In case, any further flexibility is required by the field officers, that will be made operational. Henceforth, all the new initiatives about IT modules and portals will be discussed in the Committee of Officers (COO) before approval by the Commission.

v. In view of the request received from **CEO Delhi**, the period for filing claims and objections has been extended by the Commission till **30th October, 2026**. The period of disposal of notices and claims & objections has been extended till **30th November 2026**. Also, as per the request received from **CEO Maharashtra**, the period for filing claims and objections in Maharashtra has been extended by the Commission till **12th October, 2026**. The period of disposal of notices and claims & objections in Maharashtra has been extended till **10th November 2026**.

1

જ્ઞાનેશકુમાર દ્વારા દેશની જનતાને ખુલ્લેઆમ ગુમરાહ કરવામાં આવી રહી છે અને સત્તાના જોરે લોકશાહીનું ગળું ઘૂંટવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. દેશની સર્વોચ્ચ અદાલતમાં થયેલા ખુલાસાઓએ સમગ્ર તંત્રને હચમચાવી દીધું છે અને હવે સવાલો ઉઠી રહ્યા છે કે શું દેશમાં સત્તાના ઈશારે 'વોટ ચોરી'નું મોટું કાવતરું ચાલી રહ્યું છે?

### 26 સપ્ટેમ્બરની પ્રેસનોટનું મોટું ઝૂઠું અને સુપ્રીમ કોર્ટનો સચોટ તમાચો!

વિગતો મુજબ, ગત ૨૬ સપ્ટેમ્બરના રોજ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર દ્વારા એક સત્તાવાર પ્રેસનોટ જારી કરવામાં આવી હતી. આ પ્રેસનોટમાં ખુલ્લેઆમ દાવો કરવામાં આવ્યો હતો કે મતદારયાદીમાં વપરાતા 'ફોર્મ-૬' (Form-6) માં જે પણ ફેરફારો કરવામાં આવ્યા છે, તે સીધા જ સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને આદેશો અનુસાર કરવામાં આવ્યા છે.

પરંતુ, આ સફેદ ઝુઠ લાંબો સમય ટકી શક્યો નહીં! જ્યારે આ મામલો સુપ્રીમ કોર્ટના સમક્ષ પહોંચ્યો, ત્યારે અદાલતે આ દાવાની પોલ ખોલી નાખી હતી. સુપ્રીમ કોર્ટે ખૂબ જ કડક શબ્દોમાં સ્પષ્ટતા કરી દીધી છે કે– "અમે કોઈ પણ સંશોધિત ફોર્મ-૬ ને ક્યારેય કોઈ મંજૂરી આપી નથી!" સુપ્રીમ કોર્ટના આ નિવેદને સાબિત કરી દીધું છે કે ચૂંટણી પંચના વડા દ્વારા દેશની સર્વોચ્ચ અદાલતના નામનો દુરુપયોગ કરીને જનતા અને સંવિધાન સાથે ખુલ્લેઆમ છેતરપિંડી કરવામાં આવી છે.

### સમગ્ર દેશમાં વોટ ચોરીનો ખેલ અને પકડાઈ જવાથી ફફડાટ

આજકાલ આખો દેશ સવાલો પૂછી રહ્યો છે કે જો સુપ્રીમ કોર્ટે આવી કોઈ મંજૂરી આપી જ નથી, તો ચૂંટણી પંચે ખોટા દાવા કરતી પ્રેસનોટ કેમ બહાર પાડી? શું આના પાછળ કરોડો મતદારોના અધિકારો છીનવી લેવાનું અને વોટ ચોરી કરવાનું કોઈ સુનિયોજિત ષડયંત્ર ચાલી રહ્યું છે? જ્યારે આ ફ્રોડ પકડાઈ ગયો, ત્યારે હવે ખુલાસા કરવાના બદલે તંત્ર દ્વારા દેશને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો થઈ રહ્યા છે. બંધારણીય પદ પર બેસીને જો આ પ્રકારે ખુલ્લેઆમ ભ્રામક નિવેદનો આપવામાં આવતા હોય, તો સામાન્ય પ્રજાના મતાધિકારની રક્ષા કોણ કરશે?

જનતાનો ઉગ્ર આક્રોશ: "જ્ઞાનેશકુમારને તત્કાલ ગિરફ્તાર કરો અને જેલમાં નાખો!"

આ ગંભીર કૌભાંડ સામે આવ્યા બાદ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભૂકંપ જેવું વાતાવરણ સર્જાયું છે. પ્રજાના અધિકારો પર તરાપ મારનાર અને ન્યાયતંત્ર સમક્ષ ખોટા દાવા કરનાર સામે હવે જેલના સળિયા પાછળ ધકેલવાની ઉગ્ર માંગ ઉઠી રહી છે. દેશભરમાંથી અવાજ ઉઠી રહ્યો છે કે લોકશાહીની પવિત્રતા સાથે ચેડાં કરનાર આવા જવાબદાર અધિકારી સામે કડકમાં કડક ફોજદારી કાર્યવાહી થવી જોઈએ.

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના માધ્યમથી માંગ કરવામાં આવે છે કે આ લોકવિરોધી અને સંવિધાન વિરોધી કૃત્ય કરનાર સામે તાત્કાલિક કાનૂની સકંજો કસીને જેલમાં ધકેલવામાં આવે, જેથી દેશની લોકશાહી બચી શકે!

# નેતાઓના ખાલી ભાષણો અને વિવાદોના નાટકોથી સાવધ રહો: બંધારણીય અધિકારો અને તમારો અમૂલ્ય 'મત' જ આપણી અસલી તાકાત છે!

અમદાવાદ / ગાંધીનગર

રોજ સવારે ઉઠીએ એટલે ટીવી સ્ક્રીનથી લઈને સોશિયલ મીડિયા સુધી નેતાઓના વાદ-વિવાદ, એકબીજા પર કીચડ ઉછાળવાના નિવેદનો અને જુઠ્ઠાણાની બોલબાલા જોવા મળે છે. પ્રજાને ધર્મ, જાતિ અને રાજકીય ભાવનાઓમાં ઈમોશનલી ફૂલ (મૂર્ખ) બનાવીને પોતાના સ્વાર્થની રોટલી શેકવાનો ધંધો આ દેશના રાજકારણીઓએ આદરી દીધો છે. પરંતુ, શું આપણે ક્યારેય વિચાર્યું છે કે આ બધા વાજ-ગાજા અને રાજકીય ડ્રામા પાછળ અસલી ભોગ કોનો લેવાય છે? અસલી ભોગ બને છે સામાન્ય જનતાના સંવૈધાનિક અધિકારોનો! આજે 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના આ ખાસ લેખમાં આપણે સમજવું પડશે કે નેતાઓના આ નાટકો કરતાં આપણા મતનો સાચો ઉપયોગ કેટલો મહત્વનો છે.

ભાજપ હોય કે વિપક્ષ, કોઈને પણ જનતાના હકોની પડી નથી! આજની કડવી વાસ્તવિકતા એ છે કે સત્તાધારી પક્ષ હોય કે પછી વિપક્ષી દળો–કોઈને પણ આમ આદમીના અસલી પ્રશ્નો જેવા કે મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ કે સ્વાસ્થ્ય સાથે કોઈ જ લેવાદેવા નથી. એમને માત્ર અને માત્ર ચૂંટણી જીતીને સત્તાની ખુરશી કબજે કરવામાં જ રસ છે. ચૂંટણી આવે એટલે મોટા-મોટા વાયદાઓનો વરસાદ થાય છે અને ચૂંટણી પૂરી થાય એટલે પ્રજા પાછી રામભરોસે! નેતાઓ જાણે છે કે જનતાને લાગણીના પ્રવાહમાં કેવી રીતે વહાવી દેવી. એટલે જ તેઓ વિકાસના મુદ્દાઓ પર વાત કરવાના બદલે નકામા વિવાદો ઊભા કરીને જનતાનું ધ્યાન ભટકાવે છે.

તમારો 'મત' એ કોઈ ભીખ કે સોદાની વસ્તુ નથી, એ બ્રહ્માસ્ત્ર છે!

બંધારણે આપણને જે સૌથી મોટી તાકાત આપી છે, તે છે 'મત આપવાનો અધિકાર' (Voting Right). આપણો એક વોટ નક્કી કરે છે કે આગામી પાંચ વર્ષ સુધી રાજ્ય કે દેશનું ભવિષ્ય કેવું રહેશે. પરંતુ દુઃખની વાત એ છે કે આપણે ઘણીવાર જાતિ, ધર્મ, પક્ષ કે થોડાઘણા પ્રલોભનોમાં આવીને આપણો અમૂલ્ય મત વેચી દઈએ છીએ અથવા તો ખોટા હાથે સોંપી દઈએ છીએ. જ્યારે તમે ગુણવત્તા જોયા વગર મત આપો છો, ત્યારે તમે ખુદ તમારા પોતાના જ પગ પર કુહાડી મારો છો.

મતનો સાચો અને પાવરફુલ ઉપયોગ કઈ રીતે કરવો? (જાણો તમારી તાકાત)

આગામી સમયમાં જ્યારે પણ ચૂંટણી આવે, ત્યારે નાગરિક તરીકે આપણે નીચે મુજબના કડક નિયમો અપનાવવા પડશે:

વ્યક્તિ અને કામ જોઈને મત આપો, પક્ષ જોઈને નહીં: ઉમેદવાર કેટલો સક્ષમ છે, જનતા માટે કેટલો પ્રામાણિક છે અને તેનો ભૂતકાળ કેવો છે, તે તપાસીને જ બટન દબાવો.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત – વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ – જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ – સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર – સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

### સરકારની સહાયમાં ઠાગાઠાગા: કુદરતી આફતોમાં પાયમાલ થયેલા અન્નદાતાને મળતી નથી એક પણ ફૂટી કોડી

# દાંતીવાડાના ખેડૂતોનું નેતાઓને ખુલ્લું અલ્ટીમેટમ: "હવે ફોટો પડાવવા આવ્યા તો ખેર નથી!"

### કરોડોની ગ્રાન્ટ નેતાઓના ખિસ્સામાં કે મલાઈદાર વરદીમાં? ખેડૂતોની હાલાકી પર રાજકીય નેતાઓની ગુમનામી : આવનારી વિધાનસભા ચૂંટણીમાં બેલેટ પેપરથી જવાબ આપશે ખેડૂતો; ભાજપ સરકાર સામે આંદોલન વધુ ઉગ્ર બનવાના એંધાણ!

બનાસકાંઠા

ગુજરાતનો અન્નદાતા આજે જે દયનીય સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, તેણે સરકારની પોલ ખોલી નાખી છે. ઉત્તર ગુજરાતના કૃષિ કેન્દ્ર ગણાતા દાંતીવાડા પંથકમાં ખેડૂતોનો રોષ હવે સાતમાં આસમાને પહોંચી ગયો છે. પાક નુકસાનના સમયે મોઢે મીઠું ચોપડવા આવતા નેતાઓ અને સરકાર સામે ખેડૂતોએ ખુલ્લું બંડ પોકારી દીધું છે. દાંતીવાડાના રોષે ભરાયેલા ખેડૂતોએ સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે કે, 'હવે જો કોઈ નેતા મત માંગવા કે ફોટો પડાવવા આવ્યા, તો ખેર નથી!'

જ્યારે-જ્યારે કુદરતી પ્રકોપ, અતિવૃષ્ટિ કે કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ખેતરો ધોવાઈ જાય છે અને પરસેવો પાણી બની જાય છે, ત્યારે સરકાર દ્વારા જાહેરાતોના મોટા-મોટા ઢોલ પીટવામાં આવે છે. પરંતુ જમીની હકીકત એ છે કે પીડિત ખેડૂતોના ખાતામાં સહાયના નામે માત્ર ઠાઠો જ પડે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી બહાર લાવવા માટે ફાળવવામાં આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટો ક્યાં ગાયબ થઈ જાય છે, તેની કોઈ ભાળ નથી મળતી. તંત્ર અને નેતાઓની મિલીભગતથી કરોડો રૂપિયાની સહાયના નામે કૌભાંડો આચરવામાં આવે છે, જ્યારે અસલી હકદાર ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઈ જવા મજબૂર બને છે. દુઃખની વાત એ છે કે સંકટના આ સમયમાં એક પણ ધારાસભ્ય કે જવાબદાર નેતા ખેડૂતોની વેદના સાંભળવા કે તેમની ખબર કાઢવા માટે ફરક્યો નથી.

ચૂંટણીના દિવસોમાં હાથ જોડીને મત માંગવા આવતા રાજકીય પક્ષો અને નેતાઓ સામે હવે દાંતીવાડાના ખેડૂતોએ લાલ આંખ કરી છે. ખેડૂતોનું સ્પષ્ટ છે કે જ્યારે ખેડૂત રડતો હોય ત્યારે સરકાર મૂકપક્ષી બનીને તમાશો જુએ છે, તો પછી ચૂંટણી ટાણે વોટ માંગવા આવવાનો કોઈ અધિકાર નથી.

આ મામલે ખેડૂતો હવે સરકાર વિરુદ્ધ રાજ્યવ્યાપી આંદોલનનું રણશિંગુ ફૂંકી ચૂક્યા છે. આગામી સમયમાં આ આંદોલન વધુ ઉગ્ર બને તેવા પૂરા એંધાણ છે. ખેડૂતોની આ વેદના અને ગુસ્સો માત્ર દેખડા પૂરતો નથી, પરંતુ તે સીધો રાજકીય પક્ષોના અસ્તિત્વ પર સવાલ ઉભો કરી રહ્યો છે.

રાજકીય સૂત્રોના અહેવાલ મુજબ, ઉત્તર ગુજરાતમાં ખેડૂતોના આ આક્રોશની સીધી અસર આગામી વિધાનસભા ચૂંટણી પર પડવાની પૂરી શક્યતા છે. દાયકાઓથી ખેડૂતોના નામે રાજનીતિ કરતી પાર્ટીઓને આ વખતે અન્નદાતા પોતાના મતની તાકાતથી બરાબરનો સબક શીખવશે.

જો સમયસર સરકારે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવ્યું અને ખોટા વચનો બંધ નહીં કર્યા, તો ભાજપ સરકારને ચૂંટણીમાં ભારે પરાજય અને જબરદસ્ત નુકસાનનો સામનો કરવો પડી શકે છે. 'જે સરકાર ખેડૂતની નથી રહી, તે સરકાર સત્તામાં રહેવા લાયક નથી'–આ નારો હવે ગામડે-ગામડે ગુંજી રહ્યો છે.

પાક્કો ગુજરાતની કલમે પડકાર

પાક્કો ગુજરાત સરકારના બહેરા કાનો સુધી અન્નદાડાનો આ અવાજ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. પ્રજાના ટેક્સના પૈસાથી મોજ કરતી સરકારે હવે જાગી જવું પડશે અને ખેડૂતોના હકના નાણાં સીધા તેમના ખાતામાં પહોંચાડવા પડશે. નહીં તો ખેડૂતોનો આ રોષ આગામી ચૂંટણીમાં સત્તાના સિંહાસનને હલાવીને મૂકી દેશે!

### મોટી સાંકળ, ઝાલાવાંટ અને

## ખંડીબારા ગામને જોડતા રસ્તા પર કાયમી પુલ બનાવવા માંગ




છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટી સાંકળ, ઝાલાવાંટ અને ખંડીબારા ગામને જોડતા રસ્તા પર આવેલા નદીના નાળા પર કાયમી મજબૂત પુલ બનાવવાની માંગ સાથે મોટીસાંકળ જૂથ ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત સદસ્ય દ્વારા છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મોટી સાંકળ, ઝાલાવાંટ અને ખંડીબારા ગામને જોડતા મુખ્ય રોડ પર વારંવાર ભારે વરસાદના કારણે પૂર આવવાથી નદીનું નાળું તૂટી જાય છે. છેલ્લા 4 વર્ષથી આ નાળું તૂટેલી હાલતમાં જ રહ્યું છે, જેના કારણે ત્રણેય ગામના ગ્રામજનોની અવરજવર માટે ભારે મુશ્કેલી ઊભી થઈ રહી છે. સ્થાનિક ગ્રામજનો અને પંચાયત દ્વારા છેલ્લા લાંબા સમયથી આ સ્થળે કાયમી પુલ બનાવવાની માંગણી કરવામાં આવી રહી છે. તેમ છતાં, હાલ તંત્ર દ્વારા કાયમી પુલના બદલે માત્ર RCC રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, માત્ર RCC રોડ બનાવવાથી ભવિષ્યમાં ફરીથી ભારે વરસાદ કે પૂર આવશે ત્યારે રસ્તો તૂટી જવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. આથી હાલ થઈ રહેલી આ કામગીરીનો સ્થાનિકો દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો છે. મોટીસાંકળ જૂથ ગ્રામ પંચાયતના સરપંચ રાઠવા નરસિંહભાઈ મણીયાભાઈ તેમજ કવાંટ જિલ્લા પંચાયત સદસ્ય યશવંતભાઈ ચૌહાણ દ્વારા કલેક્ટર ને સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે, હાલ ચાલી રહેલા RCC રોડના કામને બદલે જે-તે સ્થળનો યોગ્ય ટેકનિકલ સર્વે કરવામાં આવે અને નદી-નાળાની પરિસ્થિતિને અનુરૂપ મજબૂત તથા કાયમી પુલનું નિર્માણ કરવામાં આવે.

## માણાવદર તાલુકાના સમેગા એ.જી. ફીડરના વિભાજનની માંગ સાથે વીજ તંત્રને આવેદનપત્ર

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદર તાલુકાના સમેગા ગામના ખેડૂતોને ખેતીવાડી વીજ પુરવઠામાં પડી રહેલી પારાવાર મુશ્કેલીઓને ધ્યાને રાખી માણાવદર માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જગદીશભાઈ મારુની આગેવાની હેઠળ બાંટવા વીજ કચેરી ખાતે નાયબ ઈજનેરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ તકે માણાવદર તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન વર્ષાબેન જગદીશભાઈ મારુ દ્વારા બાંટવા સબ ડિવિઝનના નાયબ ઈજનેરને સમેગા એ.જી. ફીડરના તાત્કાલિક વિભાજન (બાયફરગેશન) અંગે વિગતવાર પત્ર સુપરત કરી ખેડૂતોની સમસ્યા



વાચા આપવામાં આવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, હાલમાં પાજોદ સબ સ્ટેશન માંથી આવતા સમેગા એ.જી. ફીડર હેઠળ પાજોદ, કોડવાવ અને સમેગા એમ ત્રણ ગામોના સીમ વિસ્તાર આવરી લેવાયેલા છે. ફીડર લાઈન ખૂબ જ લાંબી હોવાથી અને વીજ લોડ સતત વધી રહ્યો હોવાથી લાઈન પર વારંવાર ટેકનિકલ ફોલ્ટ સર્જાય છે. પરિણામે દિવસ-રાત પાવર સપ્લાય બંધ થઈ જતાં ખેતી માટે સમયસર અને પૂરતો વીજ પુરવઠો મળતો નથી, જેના કારણે ખેડૂતો ભારે આર્થિક નુકસાન અને મુશ્કેલી વેઠી રહ્યા છે. ખેડૂતોની આ જટિલ સમસ્યાના કાયમી ઉકેલ માટે પાજોદ સબ સ્ટેશન હેઠળના સમેગા એ.જી. ફીડરનું બાયફરગેશન કરી, સમેગા ગામ માટે બાંટવા સબ સ્ટેશનમાંથી નવું અલગ ખેતીવાડી ફીડર તાત્કાલિક મંજૂર કરવાની રજૂઆત કરાઈ છે. આ મામલે ઉચ્ચ સ્તરેથી ઝડપી નિર્ણય લેવાય તે હેતુથી પોરબંદર સ્થિત એક્ઝિક્યુટિવ એન્જિનિયર તેમજ એડિશનલ ચીફ એન્જિનિયરને પણ પત્રની નકલ મોકલવામાં આવી છે.

આ રજૂઆત સંદર્ભે બાંટવા પીજીવીસીએલના નાયબ ઈજનેર મકવાણાએ જણાવ્યું હતું કે, સમેગા ફીડર એ બાંટવા સબ ડિવિઝન અને કુતિયાણા સબ ડિવિઝનના ૪ ગામો વચ્ચેનું સંયુક્ત ફીડર છે.

## રાજ્યકક્ષાની SGFI સ્પર્ધામાં દેવગઢ બારિયા જૈમીને મેળવ્યો બ્રોન્ઝ મેડલ

દેવગઢ બારિયા : જાબીર શુક્લા

દેવગઢ બારિયાની રત્નદીપ ઈન્ટરનેશનલ સ્કૂલ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થી બારિયા જૈમીન હિતેન્દ્રસિંહે SGFI Gamesની રાજ્યકક્ષાની U-19, 68 કિલોગ્રામ કેટેગરીની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતગમતનું પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.




રાજ્યકક્ષાની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં જૈમીને આત્મવિશ્વાસ, શિસ્ત અને અડગ મનોબળ સાથે શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરી આ સિદ્ધિ હાંસલ કરી હતી. અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ વચ્ચે જૈમીને પોતાની રમત અને સતત મહેનતના બળે બ્રોન્ઝ મેડલ મેળવી રત્નદીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, પરિવારજનો તેમજ સમગ્ર દેવગઢ બારિયાનું નામ ગૌરવવંતું કર્યું

જૈમીનની આ સિદ્ધિ બદલ રત્નદીપ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રમુખશ્રી, આચાર્યશ્રી, શિક્ષકગણ તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળા પરિવાર દ્વારા જૈમીનના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આ સિદ્ધિ માત્ર વિદ્યાર્થીની વ્યક્તિગત સફળતા નથી, પરંતુ શાળા અને સમગ્ર દેવગઢ બારિયા માટે પણ ગૌરવની બાબત

શાળા પરિવારને આશા છે કે જૈમીન આગામી સમયમાં પણ પોતાની મહેનત અને પ્રતિભાના આધારે વધુ ઊંચી સિદ્ધિઓ હાંસલ કરશે અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ગુજરાત તથા દેવગઢ બારિયાનું નામ રોશન કરશે.

### પાવીજેતપુરની વનવાસી બી.એડ. કોલેજના

## તાલીમાર્થીઓ દ્વારા વિવિધ શાળાઓમાં સ્ટ્રે લેસન અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું સફળ આયોજન

પાવીજેતપુર, ઇમરાન મિર્ઝા

વનવાસી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત બી.એડ. કોલેજ, પાવી જેતપુરના સેમેસ્ટર-૧ ના તાલીમાર્થીઓ માટે અભ્યાસક્રમ અંતર્ગત 'સ્ટ્રે લેસન' કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૮ સપ્ટેમ્બર થી ૫ ઓક્ટોબર દરમિયાન પુનિયાવાંટ મોડેલ સ્કૂલ કેમ્પસમાં આ સપ્તાહ લાંબો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ હેઠળ પુનિયાવાંટ મોડેલ સ્કૂલ કેમ્પસ ખાતે આવેલ અલ્પ સાક્ષરતા કન્યા નિવાસી શાળા સહિત મલાજા, કીડીઘોઘાદેવ અને ખડકવાડા




શાળાઓમાં બી.એડ.ના તમામ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક શૈક્ષણિક પાઠ (લેસન) આપ્યા હતા.

શિક્ષણ કાર્ય ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા શાળાઓમાં ધોરણ ૬ થી ૮ તેમજ ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કેશ ગુંથણ, ચિત્રકામ, નિબંધ લેખન અને મહેંદી જેવી સર્જનાત્મક સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

સમગ્ર આયોજન દરમિયાન કોલેજના આચાર્ય શ્રી ડી.બી. પટેલ સર તથા અધ્યાપકગણ પૈકી ઈલાબેન રાઠવા, શ્રીકુંજ રાઠવા, રશ્મિબેન રાઠવા અને અમૃતા રાઠવાએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓના પાઠનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. પ્રાધ્યાપકોએ ભાવિ શિક્ષકોને વર્ગખંડ શિક્ષણમાં સુધારણા માટે યોગ્ય માર્ગદર્શન અને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કોલેજના તમામ તાલીમાર્થીઓના સક્રિય સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## આણંદમાં 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' સમારોહ યોજાયો

આણંદ

શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે કાર્યરત 'બાલરક્ષક પ્રતિષ્ઠાન' દ્વારા વિધાનગરી આણંદના ભાનુભાઈ આઈ. પટેલ એલિકોન હોલ ખાતે ભવ્ય 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર રાજ્યભરના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ, ટ્રોફી અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રો. (ડૉ.) ભરત મહેતા, ડૉ. નિશા જોશી, પૂજ્ય શ્રી મોરારીદાસજી મહારાજ (સંતરામ મંદિર, કરમસદ), આર. કે. મંડાલીયા, પ્રો. ડૉ. મેઘના વ્યાસ, જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કામિનીબેન ત્રિવેદી, ડૉ. તેજેન્દ્રસિંહ સોલંકી અને ડૉ. સંજય માલવી ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન સમારોહમાં આનંદ




નિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રીકૃષ્ણ વિદ્યાલય (વેજલપુર)ના ઉત્સાહી શિક્ષિકા શ્રીમતી અરુણા ભીખાલાલ યાદવને શિક્ષણ ક્ષેત્રની વિશિષ્ટ પ્રવૃત્તિઓ બદલ 'બાલ રક્ષક એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. વક્તાઓએ સમાજ નિર્માણમાં શિક્ષકોના અમૂલ્ય યોગદાનને બિરદાવી બાલરક્ષક પ્રતિષ્ઠાનના કાર્યોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે સંસ્થાના પદાધિકારીઓશ્રીઓ નરેશભાઈ વાઘ, મનોજભાઈ ચિંચોરે, સ્મિતાબેન રાણા અને ધર્મેશભાઈ જોશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## નવરાત્રિ મહોત્સવ સમિતિ આયોજીત જીવનનગર પ્રાચીન ગરબી મંડળ

### રાજકોટ જીવનનગરમાં 45 મા વર્ષે પ્રાચીન ગરબીમાં પ્રેક્ટીસ કરતી બાળાઓ
### રાજકોટ જીવનનગર પ્રાચીન ગરબીમાં રાસ-ગરબાની તૈયારી કરતી બાળાઓ

રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર પ્રાચીન ગરબીને ૪૪ વર્ષ પુર્ણ સાથે ૪૫ મા વર્ષે બાળાઓ રાસ-ગરબાની પ્રેક્ટીસ કરે છે. આ ગરબીને અનેક એવોર્ડ સાથે સિધ્ધિ હાંસલ કરેલ છે. ગરબીના વ્યવસ્થાપક શ્રીમતિ સુનિતાબેન વ્યાસ, નેહાબેન મહેતાની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે પ્રાચીન ગરબીનું હાર્દ જીવનનગરમાં જોવા મળે છે. બાળાઓના કૌશલ્યને ધ્યાનમાં લેવામાં આવે છે. ખંજરી બેડા, મંજીરા, દીવડા, ટીપ્પણી, દિવડા, સાડી, નૃત્ય સાથે અવનવા ગરબાને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પ્રેક્ટીસ મહાદેવધામ પટાંગણમાં ચાલી રહી છે. મહિલા સમિતિમાં સુનિતાબેન વ્યાસ, યોગિતાબેન જોબનપુત્રા, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડિયા, હર્ષાબેન પંડયા, ભારતીબેન ગંગદેવ, ભક્તિબેન ખખ્ખર, નેહાબેન મહેતા, કીર્તિબેન કગથરા સહિત બહેનો બાળાઓને તાલીમ આપી રહી છે.





પ્રાચીન ગરબી જોવાનું લોકો ગૌરવ અનુભવે છે.

સમિતિના પ્રમુખ જયંત પંડયાએ ૪૪ વર્ષ પહેલા ગરબીની શરૂઆત કરી હતી. હિન્દુ-મુસ્લિમ બાળાઓ રાસ-ગરબામાં જોવા મળે છે. જીવનનગર, જ્ઞાનજીવન, અમી પાર્ક, દેશળદેવ પરા, શિવ પરા, બ્રહ્મસમાજ, તિરૂપતિનગર, અમૃતનગરના રહીશોની બાળાઓના વાલી આ ગરબીની પ્રથમ પસંદગી કરી છે. આ ગરબીમાં રાજયપાલ, મુખ્યમંત્રી, મંત્રીઓ, સાંસદ, ધારાસભ્યો, ઉચ્ચ અધિકારીઓ, ભા.જ.પ. ના પદાધિકારીઓ અચૂક મુલાકાત કરી આરતીમાં ભાગ લેવાનું પસંદ કરે છે. નવરાત્રી મહોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં પ્રદેશ ભાજપના અંજલીબેન રૂપાણી, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, વોર્ડના નગરસેવક જ્યોત્સનાબેન ટીલાળા, નીતાબેન લાલ, ઘનશ્યામભાઈ હેરમા, અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, શહેર ભાજપના મેહુલભાઈ નથવાણી અને મનીષભાઈ દેડકીયા સહિત આગેવાનો હાજરી આપવાના છે.

## આઠ વર્ષથી નાસતા ફરતા KDCC બેંકના ઉંચાપતના વોન્ટેડ આરોપી રફીક વ્હોરાને વડોદરાથી પકડી પાડતી ઠાસરા પોલીસ

ખેડા/ઠાસરા

ખેડા જિલ્લા સહકારી બેંક (KDCC Bank) માં આચરવામાં આવેલા લાખો રૂપિયાના ઉંચાપતના ગુનામાં છેલ્લા આઠ લાંબા વર્ષોથી કાયદાની આંખમાં ધૂળ નાખીને નાસતા ફરતા એક કુખ્યાત અને વોન્ટેડ આરોપીને પકડવામાં ખેડા જિલ્લા પોલીસને મોટી સફળતા મળી છે. સેવાલીયા ગળતેશ્વર કોર્ટના વોરંટ કેસના આ આરોપીને ઠાસરા પોલીસે વડોદરા ખાતેથી દબૂચી લઈને જેલના પાછળ ધકેલી દીધો છે, જેનાથી બુટલેગરો અને ગુનેગારોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, KDCC બેંક સાથે થયેલી નાણાકીય છેતરપિંડી અને ઉંચાપતના ગંભીર ગુનામાં સંડોવાયેલ આરોપી રફીક ગુલામનબી વ્હોરા (રહે. અંઘાડી સ્ટેશન, નેપાલપુરા, તા. ગળતેશ્વર, જી. ખેડા) છેલ્લા આઠ વર્ષથી કાયદાની પકડથી દૂર ભાગતો ફરતો હતો. આ કેસમાં નામદાર સિવિલ જજ અને જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સેવાલીયા ગળતેશ્વર કોર્ટ દ્વારા આરોપી વિરુદ્ધ અગાઉ વોરંટ પણ ઈશ્યુ કરવામાં આવ્યું હતું, તેમ છતાં તે પોલીસની પકડમાં આવતો નહોતો. ઠાસરા પોલીસ સ્ટેશનની ટીમને બાતમી મળી હતી કે આ ગુનાનો આઠ વર્ષથી વોન્ટેડ આરોપી રફીક વ્હોરા હાલ વડોદરા શહેરમાં છુપાયેલો છે અને ત્યાં જ ડેરાડલ્લા જમાવીને બેઠો છે. આ ચોક્કસ બાતમીના આધારે ઠાસરા પોલીસે બાજી ગોઠવી હતી અને વડોદરા ખાતે દરોડો પાડીને વોન્ટેડ આરોપી રફીક ગુલામનબી વ્હોરાને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

## દેવગઢ બારીયા મામલતદાર કચેરી અને પ્રાંત કચેરીના મહેસુલી કર્મચારીઓ એક દિવસની હડતાળ પર

### ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ અને દાહોદ જીલ્લા મહેસુલી કર્મચારી મંડળ વર્ગ 3 નાઓ પોતાની પડતર માંગણીઓના નિરાકરણ માટે માસ C.L. કાર્યક્રમ થકી હડતાળ પર ઉતર્યા

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારીયા તાલુકાના મહેસુલી કર્મચારીઓના 14 જેટલા મુદ્દાઓ મહેસુલી કર્મચારી વર્ગનો હક્ક છે. જે માંગણીઓ (1). તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગની કામગીરી દુર કરવા (2). વર્ષ 2012ની સીધી ભરતી નાયબ મામલતદાર (રી-એડજસ્ટમેન્ટ વર્ષ 2020) નો લાભ આપી બધાને મામલતદાર સ્વર્ગમાં બઢતી આપવા (3). 2012 પછીના તમામ મામલતદારોની એકીકૃત સિનિયોરિટી તાત્કાલિક જાહેર કરવામાં આવે. (4). 2023-2026ની બઢતીમાં થયેલ અન્યાય દુર કરી મુળ જીલ્લામાં પરત નિમણૂંક આપો (5). જીલ્લા ફેરબદલીમાં NOC પ્રથા બંધ કરો, ઓનલાઇન પોર્ટલથી પારદર્શી બદલી કરો (6). મામલતદાર અને નાયબ મામલતદાર સુધી ભરતી પ્રક્રિયા બંધ કરો (7). જીલ્લા ફેરબદલી થયેલ કર્મચારીઓની રાજ્યકક્ષાની સિનિયોરીટિ મુળ મેરિટ મુજબ જાળવો (8). તાજેલાલો




ફિડબેક આધારિત બન્ને બદલી હુકમ તા.અ.થી. રોફફ રાખો અને આગળ આ રીતે બદલી ના થાય તેની લેખિત બાહેધરી આપો (9). ક્લાર્ક અને મહેસુલી તલાટી સંવર્ગની સિનિયોરિટી યાદી તાત્કાલિક પ્રસિદ્ધ કરો (10). બાકી તમામ ખાતાકીય પરીક્ષાનું તાત્કાલિક આયોજન કરો અને લેવાયેલ પરીક્ષાનું પરિણામ જાહેર કરો (11). ફેરણી અધિકારીઓને PTA ભથ્થું વધારવામાં આવે અને સર્કલ ઓફિસર , નાયબ મામલતદા પુરવઠા નિરીક્ષકોને રૂ. 10,000/- અને મહેસુલ તલાટીઓને રૂ. 3,000/- વધારો કરો (12). જનસેવા કેન્દ્ર માટે અલગ મહેકમ મંજુર કરો (13). વધતા કાર્યભાર , ઈ-ધારા digital gujarat જનસેવા કેન્દ્ર , OTP આધારિત પ્રક્રિયાઓને કારણે ઊભો થયેલ બોજો અને માનસિક તણાવ ઘટાડો (14). તલાટીઓના જોબચાર્ટમાં સુધારો અને બેઠક વ્યવસ્થા ના થાય ત્યાં સુધી ચાર્જ લેવડ દેવડની કાર્યવાહી અટકાવો.




ટ્રેડિશનલ સાડી સાથે મોર્ડન અંદાજમાં તેનો આ લૂક સોશિયલ મીડિયા પર ચર્ચાય રહ્યો

# પેરિસમાં જાહ્નવી કપૂરનો દેશી અંદાજ, આયવરી સાડીમાં મોહી લીધા ચાહકોને

મુંબઈ

એક્ટ્રેસ જાહ્નવી કપૂર સમયાંતરે તેના આઉટફિટને કારણે ચર્ચામાં છે. એના દરેક આઉટફિટ આમ તો દમદાર હોય છે અને તેના પર ખૂબ જ શ્રેષ્ઠ લાગતા હોય છે. આ સાથે તેની એસેસરીઝ અને જ્વેલરી પણ મેચ થતી હોય છે. હવે એક્ટ્રેસે BoF 500 ગાલા કાર્યક્રમ માટે રોયલ અંદાજમાં ફોટોશુટ કરાવ્યું અને આ ફોટોશુટમાં એકથી એક બહેતરીન પોઝ આપ્યા હતા. આ ફોટોશુટમાં તેનો ગ્રેસફૂલ અને બોલ્ડ અંદાજ જોવા મળ્યો હતો. જ્વેલરી ડિટેલિંગ અને ગોલ્ડન જ્વેલરીએ તેના દેશી લૂકને ખૂબ જ ખાસ બનાવી દીધો હતો. ટ્રેડિશનલ સાડી સાથે મોર્ડન અંદાજમાં તેનો આ લૂક સોશિયલ મીડિયા પર ચર્ચાય રહ્યો છે. આ રીતે એક્ટ્રેસ પોતાના ફેશન, સ્ટાઈલ આઈકોન અને પોઝ દ્વારા લોકોનું ધ્યાન ખેંચે છે. પેરિસમાં આયોજિત BoF 500 ગાલામાં એક્ટ્રેસે હાજરી આપી હતી. અહીંયા ઈન્ડિયન ડિઝાઈન અને ટ્રેડિશનલ લૂક સાથે થોડો વેસ્ટર્ન ટચ અપનાવીને આઉટફીટ પહેર્યા હતા. જે ખરેખર ગ્રેસફૂલ લાગી રહ્યા છે. પહેલા જ લૂકમાં જે ખૂબ રોયલ અને બ્લોડ લાગી રહી છે. આઈવરી કલરની સાડીમાં તેનો અંદાજ બેસ્ટ દેખાઈ રહ્યો છે. આ લૂકમાં તે ખૂબ જ કોફિડન્સ દેખાઈ રહી છે. ચેર બેસીને પોઝ આપતા તેની ફીટનેસ અને ફીગર પર ફેન્સની નજર પડ્યા વગર રહેતી નથી. એક્ટ્રેસના આ આઉટફિટને 460 કાઉન્ટ બંગાળી મખમલથી તૈયાર કરવામાં આવ્યા છે. જે પહેરવારમાં ખૂબ જ હલકા અને દેખામાં દમદાર હોય છે. આઈવરી કલર સાથે સમગ્ર લૂક અલગ અને રોયલ વાઈબ્સ આપી જાય છે.

સમગ્ર આઉટફિટની અસલી ખુબસુરતી હાથેથી કરવામાં આવેલા આર્ટવર્કની છે. બારિકી એવી કરવામાં આવી છે કે, લૂકને ચારચાંદ લગાવી દે છે. જ્યારે ઓપલ શોલ્ડર બ્લાઉઝ સાથે ખભા પર જ્વેલરીથી ડિટેલિંગ પૂરૂ કરવામાં આવ્યું છે. ગોલ્ડ બિડ્સ અને કલરફૂલ સ્ટોન સાથે ખૂબ જ બારિકીથી આ જ્વેલરી તૈયાર કરવામાં આવી છે. જે દેખાવમાં એના લૂકમાં અલગ રીતે વધારો કરે છે અને સુંદરતાને વધારે નિખારે છે. ખભાથી બાયશેપ્સ સુધીની જ્વેલરીએ ફેન્સનું ધ્યાન ખેંચ્યું છે. આઈવરી સાડી સાથે આ જ્વેલરી બિલકુલ મેચ થાય છે. એમાં પણ આઈવરી કલરનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

**એક્ટ્રેસે BoF 500 ગાલા કાર્યક્રમ માટે રોયલ અંદાજમાં ફોટોશુટ કરાવ્યું અને આ ફોટોશુટમાં એકથી એક બહેતરીન પોઝ આપ્યા હતા**

# સુપ્રીમે ચેક બાઉન્સ કેસમાં અભિનેતા રાજપાલ યાદવને ઠપકો આપ્યો

## સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે અદાલતના આદેશોની અવગણના ચલાવી લેવામાં નહીં આવે, બેન્ચે જણાવ્યું હતું કે તેમનો ઈરાદો અરજીને તુરંત ફગાવી દેવાનો હતો

નવી દિલ્હી

બોલિવૂડના હાસ્ય કલાકાર અને અભિનેતા રાજપાલ યાદવ સાથે સંકળાયેલા ચેક બાઉન્સના કેસ અંગે સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણીમાં કોર્ટે તેમને ઠપકો આપ્યો હતો. તેમજ મંગળવાર સુધી રકમ ચુકવણી કરવા આદેશ આપવામાં આવ્યો છે. રાજપાલ યાદવ બાઉન્સ ચેકની 7.5 કરોડની રકમની ચુકવણી અંગે સતત વાયદા કરી રહ્યા છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજપાલ યાદવની અરજી ફગાવી દેવાનો તેમનો પૂરો ઈરાદો હતો.પરંતુ કોર્ટ ફરિયાદીને તેમની મહેનતની કમાણી પરત અપાવવા માંગે છે.



જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ અભિનેતાના વકીલની આકરી ઝાટકણી કાઢી. આ સુનાવણી દરમિયાન કોર્ટ રૂમમાં જ્યારે રાજપાલ યાદવ વતી 50 લાખની કિંમતના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) ની નકલ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી. ત્યારે જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ અભિનેતાના વકીલની આકરી ઝાટકણી કાઢી અને ખૂબ જ કડક શબ્દોમાં કહ્યું, આ અહંકારને યોગ્ય રીતે કાબૂમાં લેવાની જરૂર છે. તમારે એ જાણવું જોઈએ કે ક્યારે બોલવું અને કોર્ટ સમક્ષ કેવું વર્તન કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે અદાલતના આદેશોની અવગણના ચલાવી લેવામાં નહીં આવે. બેન્ચે જણાવ્યું હતું કે તેમનો ઈરાદો અરજીને તુરંત ફગાવી દેવાનો હતો. પરંતુ ફરિયાદીને મળવાપાત્ર 7.5 કરોડની વસૂલાત સુનિશ્ચિત કરવા માટે હાલ પૂરતું કોઈ કઠોર પગલું ભરવાનું ટાળવામાં આવ્યું છે.

# સંજય દત્તે દેશવાસીઓ અંગે કરી ચોંકાવનારી ટિપ્પણી

## બોલીવુડના મુન્નાભાઈ સંજય દત્ત એ એવા કલાકારોમાંથી એક છે, જે પોતાની પ્રોફેશનલ લાઈફ કરતા પોતાની પર્સનલ લાઈફને લઈ ચર્ચામાં રહે છે

મુંબઈ

બોલીવુડના મુન્નાભાઈ સંજય દત્ત એ એવા કલાકારોમાંથી એક છે, જે પોતાની પ્રોફેશનલ લાઈફ કરતા પોતાની પર્સનલ લાઈફને લઈ ચર્ચામાં રહે છે. સંજુબાબાનું જીવન પણ કોઈ રિયલમાં ફિલ્મ સ્ટોરીથી કમ નથી. પોતાના કેરિયરમાં અનેક એવા ઊતારચડાવ વચ્ચે તેણે પોતાની એક્ટિંગ ટેલેન્ટને ટકાવી રાખી છે. સંજુબાબા અવારનવાર પોતાના બેબાક નિવેદનોને કારણે પણ ચર્ચામાં રહે છે. પણ પોતાના ફેન્સ અને પોતાના ફોલોઅર્સને તેઓ ક્યારેય નિરાશ કરતા નથી.

તેઓ દરેક મુદ્દાને એક અલગ વિચારથી રજૂ કરી દે છે. હવે બાબાએ એવું કંઈક કહ્યું છે કે જેની ચર્ચા માત્ર બોલીવુડમાં જ નહીં પણ સમગ્ર દેશમાં થઈ રહી છે. આવું હંમેશા થતું રહેવું જોઈએ. આ વિષય સોશિયલ મીડિયા પર જોરશોરથી ચર્ચાય રહ્યો છે. સંજય દત્તે કહ્યું હતું કે, હવે ભારતમાં શાંતિ મેહસૂસ થતી નથી. શેખર સુમન સાથેના એક શૉમાં ગાંધી જયંતિના એક ખાસ એપોસિડના શૂટિંગ વખતે મુન્નાભાઈના અંદાજમાં એક્ટરે કહ્યું કે, આપણા દેશના કેટલાક લોકો ખૂબ જ પ્રેમાળ છે અહીંયા ખરેખર શાંતિ થવી જોઈએ. પણ મને હવે આપણા દેશમાં ખાસ કોઈ શાંતિ અનુભવાતી નથી. આપણા ભારતીય દિલદાર અને મહેમાન નવાઝીને પોંખનારા લોકો છીએ. આપણે ઘણું બધુ દેશ-દુનિયાને આપ્યું છે. હંમેશાં આવું યથાવત્ રહેવું પણ જોઈએ. એમાં કંઈ ખોટું નથી. હું તો ભગવાન શિવજીને પ્રાર્થના કરૂ છે કે, આવા દિવસો ઝડપથી પાછા આવે. પાંચ મિનિટ માટે વડા પ્રધાન બનાવી દેવામાં આવે તો શું કરશે? એના જવાબમાં સંજુબાબાએ કહ્યું હતું કે, દેશમાં કંઈક તો થઈ રહ્યું છે. મારા પ્રેમાળ દેશવાસીઓ હું આજે તમારો વડા પ્રધાન બની ખુશ છું. આવું થાય ત્યારે શરીરમાં એક અલગ પ્રકારની એનર્જી દોડવા લાગે છે. આટલો મોટો દેશ છે, કરોડો દેશવાસીઓ છે. આની સામે આપણી પણ એક જવાબદારી તો છે જ. આ વાત તેમણે પોતાના એક મસ્તીભર્યા અને મજાકિયા અંદાજમાં કહી હતી.





# મુંબઈમાં સાથે સ્પોટ થયા અર્જુન કપૂર-મલાઈકા અરોરા

## વીડિયો વાઈરલ થતાં સંબંધો સુધર્યા હોવાની અટકળો તેજ

મુંબઈ

બોલીવૂડના સૌથી ચર્ચિત અને ગ્લેમરસ કપલ્સમાં સામેલ રહી ચૂકેલા મલાઈકા અરોરા અને અર્જુન કપૂર ભલે અલગ થઈ ગયા હોય, પરંતુ તેમની બોન્ડિંગ અને કેમિસ્ટ્રી આજે પણ અવારનવાર ચર્ચાનું કેન્દ્ર બને છે. બ્રેકઅપ બાદ પણ બંને વચ્ચે કોઈ કડવાશ જોવા મળી નથી અને જ્યારે પણ તેઓ સાથે સ્પોટ થાય છે ત્યારે સોશિયલ મીડિયા પર ગપસપનું બજાર ગરમ થઈ જાય છે.

હવે એકવાર ફરી મુંબઈમાં અર્જુન અને મલાઈકા સાથે જોવા મળ્યા છે. સોશિયલ મીડિયા વાઈરલ થઈ રહેલાં નવા વીડિયોમાં અર્જુન કપૂર જેન્ટલમેન અંદાજમાં મલાઈકા માટે કારનો દરવાજો ખોલતો અને પછી પોતે બીજી બાજુથી જઈને કારમાં બેસતો જોવા મળ્યો છે. આ વીડિયો સામે આવતાં જ ફેન્સ વચ્ચે બંનેના પેચઅપની ચર્ચાઓએ ફરી જોર પકડ્યું છે. પાપારાઝી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં અર્જુન અને મલાઈકા એકસાથે કાર તરફ જતાં દેખાય છે. મલાઈકા કારમાં બેઠા બાદ અર્જુને પોતાના હાથે દરવાજો બંધ કર્યો અને પછી પોતે બીજી બાજુ જઈને અંદર બેઠો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. જોકે આ મુલાકાત માત્ર કેઝ્યુઅલ ફ્રેન્ડશિપ હતી કે પેચઅપ તરફનો સંકેત, તે અંગે બંને તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અર્જુન અને મલાઈકાએ 2018ની આસપાસ પોતાના સંબંધોને સત્તાવાર રીતે સ્વીકાર્યા હતા. આશરે છ વર્ષ સુધી ડેટ કર્યા બાદ 2024માં બંનેના અલગ થવાના સમાચાર સામે આવ્યા હતા. વર્ષ 2026માં જ એક ઈવેન્ટ દરમિયાન અર્જુન કપૂરે જાતે જ સ્પષ્ટ કર્યું હતું કે તે હાલ સિંગલ છે. જોકે અલગ થયા પછી પણ બંને વચ્ચે સન્માન અને મિત્રતા જળવાઈ રહી છે. ફેબ્રુઆરી 2025માં પણ એક રિયાલિટી શો દરમિયાન બંને એકબીજા સાથે હસી-મજાક કરતા જોવા મળ્યા હતા. તાજેતરમાં એક જાણીતા પત્રકારે આપેલા એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે મલાઈકા અરોરા લગ્ન કરવા માંગતી હતી, જ્યારે અર્જુન કપૂર તે સમયે લગ્ન માટે તૈયાર નહોતો. આ વૈચારિક મતભેદના કારણે બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો હતો.

# રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા વચ્ચે લગ્નના આઠ જ મહિનામાં થાય છે ઝઘડા

મુંબઈ

સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું સૌથી વધારે લોકપ્રિય અને સ્ટાર કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને સતત લાઈમલાઈટમાં રહે છે. જોકે, હવે લગ્ન બાદ આ જોડી ટૂંક સમયમાં મોટા પડદે ફિલ્મ 'રણબાલી'માં ફરી એકવાર સ્ક્રીન શેર કરતી જોવા મળશે. આ બધા વચ્ચે સોશિયલ મીડિયા પર એક પોડકાસ્ટની કેટલીક ક્લિપ વાઈરલ થઈ રહી છે, જેમાં આ કપલનો સુંદર બોન્ડ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં એક પોડકાસ્ટ ઈન્ટરવ્યુ દરમિયાન આ નવપરિણીત યુગલે પોતાની મેરિડ લાઈફ અને અંગત સંબંધો વિશે દિલ ખોલીને વાત કરી હતી. વાતચીત દરમિયાન રશ્મિકાએ ખુલાસો કર્યો હતો કે લગ્ન પછી તેમની વચ્ચે કઈ વાતને લઈને નાની-મોટી તકરાર થાય છે, જ્યારે વિજયે પત્ની રશ્મિકાની પરિપક્વતાના ભરપૂર વખાણ કર્યા હતા. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં આ પોડકાસ્ટમાં જ્યારે રશ્મિકા મંદાનાને પૂછવામાં આવ્યું કે લગ્ન પછી તેમની વચ્ચે પહેલો ઝઘડો ક્યારે થયો હતો એની તો આ સવાલના જવાબમાં તેણે હસતાં હસતાં જણાવ્યું હતું કે, અમારી વચ્ચે ક્યારેય મોટા ઝઘડા થતા નથી, કારણ કે અમે દરેક પળ સાથે એન્જોય કરીએ છીએ. નાની અણબનાવ વિશે વાત કરતાં રશ્મિકાએ મજાકિયા અંદાજમાં ઉમેર્યું હતું કે ક્યારેક મને તેમનું એટેન્શન જોઈતું હોય અને વિજય પોતાના ફોનમાં કોઈ કામમાં વ્યસ્ત હોય, ત્યારે હું પ્રેમથી એક-બે વાર 'વિજુ-વિજુ' કહીને બોલાવું છું. પણ જો ત્રીજી વાર પણ ધ્યાન ન જાય તો મને થોડો ગુસ્સો આવી જાય છે. જોકે મારો ગુસ્સો જોતાં જ તેઓ તરત જ રિસ્પોન્સ આપે છે!



## રિટાયરમેન્ટ પહેલાં સુનિલ ગાવસ્કરની હિટમેનને ભાવુક અપીલ

# જે હું ન કરી શક્યો તે રોહિત કરી બતાવે: સુનિલ ગાવસ્કર

મુંબઇ

પૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કરે રોહિત શર્માને ભાવુક અપીલ કરી છે. વેસ્ટ ઈન્ડિઝ સામે 92 રને આઉટ થયા બાદ ગાવસ્કરે જણાવ્યું કે, રોહિતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લે ત્યારે તેની વનડે સદીઓની સંખ્યા તેની ઉંમર (36) કરતાં વધુ હોવી જોઈએ. અત્યાર સુધીમાં રોહિતે 35 સદી ફટકારી છે. ગાવસ્કરે પોતાના અધૂરા સદીના અફસોસનું ઉદાહરણ આપ્યું. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ કેપ્ટન સુનિલ ગાવસ્કરે સ્ટાર બેટ્સમેન રોહિત શર્માને એક અનોખી અને ભાવુક અપીલ કરી છે. ગાવસ્કરનું માનવું છે કે રોહિત શર્મા જ્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરે, ત્યારે તેમના વનડે સદીઓની સંખ્યા તેમની ઉંમર કરતાં પણ વધુ હોવી જોઈએ. ગાવસ્કરે પોતાની ક્રિકેટ કારકિર્દીના અંતિમ દિવસોનું ઉદાહરણ આપતાં આ ટાર્ગેટ વિશે ખુલીને વાત કરી હતી. વેસ્ટ ઈન્ડિઝ સામે 92 રને આઉટ થતાં નિરાશ થયા ગાવસ્કર વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી વનડે મેચમાં રોહિત શર્માએ 92 રનની શાનદાર ઈનિંગ રમી હતી, પરંતુ એક મોટો શોટ રમવાના ચક્કરમાં તેઓ સદી ચૂકી ગયા હતા. રોહિતે શ્રેણીની બીજી વનડેમાં સદી ફટકારી હતી અને ગાવસ્કરને આશા હતી કે તેઓ



ત્રીજી મેચમાં પણ પોતાની 36મી સદી પૂરી કરશે. આ વિશે વાત કરતાં સુનિલ ગાવસ્કરે કહ્યું, 'રોહિત 92 રને આઉટ થઈ ગયો અને હું નિરાશ થયો કે તે સદી ન બનાવી શક્યો. શક્ય છે કે વર્લ્ડ કપ 2027 પછી રોહિત આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દે. પરંતુ હું અંગત રીતે ઈચ્છું છું કે જ્યારે તે સંન્યાસ લે, ત્યારે તેની વનડે સદીઓની સંખ્યા તેની ઉંમર કરતાં પણ વધારે હોવી જોઈએ. જો આવું થશે તો તે સાબિત કરશે કે ખેલાડીનું સ્ટાન્ડર્ડ અને કારકિર્દી કેટલી અસાધારણ રહી છે.' 'હું ઈચ્છું છું કે રોહિત એ સિદ્ધિ હાંસલ કરે. મારી આંતરરાષ્ટ્રીય કારકિર્દીના છેલ્લા વર્ષોમાં હું જેટલી સદીઓ ફટકારવા માંગતો હતો તેટલી ન બનાવી શક્યો.

રોહિત શર્માની વનડે કારકિર્દી પર એક નજર

વેસ્ટ ઈન્ડિઝ સામે દમદાર ફોર્મમાં જોવા મળેલા હિટમેને અત્યાર સુધી પોતાની વનડે કારકિર્દીમાં શાનદાર આંકડા નોંધાવ્યા છે: કુલ મેચ: 291 વનડે, કુલ રન: 12,120 રન, બેટિંગ એવરેજ: 49.27 સદી: 35 સદી અડધી સદી: 63 અર્ધસદી.

## 26 દિવસમાં ભારતની 10 T20 મેચ

નવી દિલ્હી

એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યા બાદ ભારતીય T20 ટીમ હવે મેદાન પર ફરી ધૂમ મચાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ક્રિકેટ રસિયાઓ માટે આગામી એક મહિનો ભરપૂર મનોરંજનથી ભરેલો રહેશે, કારણ કે ટીમ ઈન્ડિયા આગામી 26 દિવસની અંદર કુલ 10 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમવાની છે. આ શરૂઆત 6 ઓક્ટોબર મંગળવારથી વેસ્ટ ઈન્ડિઝ સામેની હોમ સિરીઝથી થશે. આ શ્રેણી પૂરી થતાં જ ટીમ તાબડતોબ ન્યૂઝીલેન્ડના પ્રવાસે રવાના થશે. પહેલી મેચ : 06 ઓક્ટોબર 2026 - લખનઉ (ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમ)

બીજી મેચ : 09 ઓક્ટોબર 2026 - રાંચી (JSCA ઈન્ટરનેશનલ સ્ટેડિયમ કોમ્પ્લેક્સ)

ત્રીજી મેચ : 11 ઓક્ટોબર 2026 - ઈન્દોર (હોલકર સ્ટેડિયમ)

ચોથી મેચ : 14 ઓક્ટોબર 2026 - હૈદરાબાદ (રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ)

પાંચમી મેચ : 17 ઓક્ટોબર 2026 - બેંગલુરુ (એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ) પહેલી મેચ : 22 ઓક્ટોબર 2026 - ક્રાઈસ્ટચર્ચ (હેગલી ઓવલ)

બીજી મેચ : 24 ઓક્ટોબર 2026 - ક્રાઈસ્ટચર્ચ (હેગલી ઓવલ)

ત્રીજી મેચ : 27 ઓક્ટોબર 2026 - વેલિંગ્ટન (સ્કાય સ્ટેડિયમ)

ચોથી મેચ : 30 ઓક્ટોબર 2026 - ઓકલેન્ડ (ઈડન પાર્ક).

### DDCAએ 3 ઓક્ટોબરે 16 સભ્યોની ટીમ જાહેર કરી

## 18 વર્ષની ઉંમરે વીરેન્દ્ર સેહવાગના પુત્રને મળી મોટી જવાબદારી

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગને દિલ્હી અંડર-19 ટીમનો કેપ્ટન બનાવાયો છે. 18 વર્ષીય આર્યવીર વિશાખાપટ્ટનમમાં 8 ઓક્ટોબરથી શરૂ થતી વિનુ માંકડ ટ્રોફીમાં દિલ્હીનું નેતૃત્વ કરશે.



DDCAએ 3 ઓક્ટોબરે 16 સભ્યોની ટીમ જાહેર કરી. તાજેતરમાં તેણે ઓસ્ટ્રેલિયા સામે યુથ વનડે સિરીઝમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને 297 રનની ઐતિહાસિક ઈનિંગ પણ રમી હતી. ભારતીય ક્રિકેટ ટીમ માટે લાંબા સમય સુધી બેટથી ધમાકેદાર પ્રદર્શન કરનારા વીરેન્દ્ર સહેવાગની કમી આજે પણ ફેન્સને ખટકે છે. વીરેન્દ્ર સહેવાગ ઈનિંગ્સની શરૂઆત તાબડતોડ અંદાજમાં કરવા માટે જાણીતા રહ્યા છે. હવે વીરેન્દ્ર સહેવાગના પુત્ર આર્યવીર સહેવાગને લઈને એક બહુ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. 18 વર્ષના યુવા બેટર આર્યવીરને વીનૂ માંકડ ટ્રોફી માટે દિલ્હી અંડર-19 ટીમનો કેપ્ટન નિમણૂક કરવામાં આવ્યો છે.

આ પ્રથમ તક છે જ્યારે આર્યવીરને કોઈ મોટી ટીમની કેપ્ટનશીપની જવાબદારી સોંપવામાં આવી છે. દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન(DDCA) એ શનિવારે(3 ઓક્ટોબર) આ 16 સભ્યોની સ્ક્વોડની જાહેરાત કરી છે. વીનૂ માંકડ ટ્રોફીનું આયોજન આ વખતે વિશાખાપટ્ટનમમાં 8 ઓક્ટોબરથી થવા જઈ રહ્યું છે.

## હાર્દિક, બુમરાહ, સિરાજ વગર વર્લ્ડ કપ જીતવો અશક્ય: ગાંગુલી

### વર્લ્ડ કપ અંગે સૌરવ ગાંગુલીની ગૌતમ ગંભીરને સલાહ

મુંબઇ

પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ 2027 વનડે વર્લ્ડ કપ માટે મોટું નિવેદન આપ્યું છે. ગાંગુલીએ કહ્યું કે, રોહિત-કોહલી નહીં, પરંતુ હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ ભારતના X-ફેક્ટર હશે. સાઉથ આફ્રિકામાં યોજાનાર આ વર્લ્ડ કપમાં આ ત્રણેયની ફિટનેસ અને પ્રદર્શન ટીમ ઈન્ડિયાને ચેમ્પિયન બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ વનડે વર્લ્ડ કપ 2027ને લઈને મોટું અને ચોંકાવનારું નિવેદન આપ્યું છે. એક વાતચીતમાં ગાંગુલીએ હેડ કોચ ગૌતમ ગંભીર અને ટીમ મેનેજમેન્ટને સ્પષ્ટ સંકેત આપતાં જણાવ્યું કે આગામી મેગા ઈવેન્ટમાં રોહિત શર્મા કે વિરાટ કોહલી નહીં, પરંતુ ત્રણ અન્ય ખેલાડીઓ ભારત માટે સૌથી મોટા ગેમ ચેન્જર અને એક્સ-ફેક્ટર સાબિત થશે. ગાંગુલીના મતે, ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા, ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ વગર ભારતનું ચેમ્પિયન બનવું અત્યંત મુશ્કેલ છે. સૌરવ ગાંગુલીના નિવેદનના મુખ્ય મુદ્દાઓ: હાર્દિક પંડ્યા ટીમ બેલેન્સ માટે અનિવાર્ય: ગાંગુલીએ જણાવ્યું કે વર્લ્ડ કપમાં ભારતીય ટીમના સંતુલન માટે હાર્દિક પંડ્યાનું ફિટ રહેવું ખૂબ જરૂરી છે. ગાંગુલીએ ભારપૂર્વક કહ્યું, 'હાર્દિકને સંપૂર્ણ ફિટ રાખીને મેદાન પર ઉતારવો એ



ગૌતમ ગંભીર અને ટીમ માટે સૌથી મોટા પડકારો પૈકીનો એક રહેશે. તેઓ ભલે નિયમિતપણે વધુ ક્રિકેટ ન રમતા હોય, પરંતુ ટીમના સાચા બેલેન્સ માટે તેમનું હોવું અત્યંત જરૂરી છે.' સાઉથ આફ્રિકાની પીચો પર સીમિંગ ઓલરાઉન્ડરની જરૂર: 2027નો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાં રમાવાનો છે. ગાંગુલીએ સ્થિતિનું વિશ્લેષણ કરતાં કહ્યું કે ભારતીય ટીમના ટોપ 5 બેટ્સમેનોમાંથી કોઈ બોલિંગ કરતું નથી. આવા સંજોગોમાં ટીમને પાંચમા કે છઠ્ઠા બોલિંગ વિકલ્પ તરીકે એક સક્ષમ ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડરની તાતી જરૂર પડશે. બેકઅપ વિકલ્પો: નીતિશ રેડ્ડી અને રવીન્દ્ર જાડેજા: જો હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થાય, તો ગાંગુલીના મતે બીજો શ્રેષ્ઠ વિકલ્પ નીતિશ કુમાર રેડ્ડી છે. જોકે, તેના માટે મેનેજમેન્ટે નીતિશને વર્લ્ડ કપ સુધી સતત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમાડવું પડશે. રવીન્દ્ર જાડેજા વિશે બોલતાં તેમણે કહ્યું કે તેઓ નંબર 7 પર શાનદાર બેટ્સમેન અને ઉપયોગી બોલર છે.

# બિઝનેસ

### દિવાળી વેકેશનમાં ફરવા જવાનું મોંઘુ થયું

## ઇન્ડિગોની ફ્લાઇટ્સમાં 10,000 રૂપિયા સુધીનો વધારો: ત્રીજી વખત ફ્યુઅલ સરચાર્જ વધાર્યો

મુંબઇ

દેશની સૌથી મોટી એરલાઇન ઇન્ડિગોની ફ્લાઇટ્સ મંગળવારથી મોંઘી થઈ જશે. એરલાઇને સ્થાનિક ફ્લાઇટ્સમાં 1300 સુધી અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સમાં 10,000 સુધીનો વધારાનો ફ્યુઅલ ચાર્જ લગાવવાની જાહેરાત કરી છે. નવી કિંમતો 6 ઓક્ટોબરની રાત્રે 12:01 વાગ્યાથી લાગુ થશે. ઇન્ડિગોએ છ મહિનામાં ત્રીજી વખત ફ્યુઅલ સરચાર્જ વધાર્યો છે. આ પહેલાં એરલાઇને આ વર્ષે 14 માર્ચે અને ત્યારબાદ 1 એપ્રિલે ભાડામાં વધારો કર્યો હતો. એરલાઇનના




જણાવ્યા મુજબ, એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ફ્યુઅલ મોંઘું થવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીએ ભાડું વધારવાનો નિર્ણય વિમાનોમાં વપરાતા ફ્યુઅલના મોંઘા થવાને કારણે લીધો છે. 1 ઓક્ટોબરથી સ્થાનિક એરલાઇન્સ માટે કિંમત 121થી વધીને હવે 137 થઈ ગઈ છે. એટલે કે 1 લિટર ATFની કિંમતમાં 16 રૂપિયા (લગભગ 13.2%)નો વધારો થયો છે. ઇન્ડિગો અનુસાર, માત્ર એક જ મહિનામાં જેટ ફ્યુઅલના ભાવ 14%થી વધુ વધી ચૂક્યા છે. તેના કારણે વિમાનમાં ભરાતું ઇંધણ હવે છેલ્લા 10 વર્ષમાં સૌથી મોંઘુ થઈ ગયું છે. જેટ ફ્યુઅલના ભાવ વધવાને કારણે દુનિયાભરની એરલાઇન્સે માત્ર ટિકિટના ભાવ જ વધાર્યા નથી, પરંતુ પોતાના ભાવિ નાણાકીય અંદાજો એટલે કે ફાઇનાન્શિયલ આઉટલુકને પણ પાછા ખેંચી લીધા છે. એરલાઇન્સ માટે જેટ-ફ્યુઅલ સૌથી મોટો ખર્ચ હોય છે. કુલ ઓપરેટિંગ ખર્ચમાં તેનો હિસ્સો 30%થી 40% હોય છે. ઓઇલના ભાવમાં આવેલા આ અચાનક ફેરફારે એરલાઇન્સના બજેટને ખોરવી નાખ્યું છે.

### લોન લેવી મોંઘી થઈ જશે; EMI પણ વધશે

## RBIની 3 દિવસની બેઠક: રેપો રેટમાં 0.25%નો વધારો થઈ શકે છે

મુંબઇ

RBIની મોનેટરી પોલિસી કમિટીની ત્રણ દિવસીય બેઠક આજે એટલે કે 5 ઑક્ટોબરથી શરૂ થશે. નિષ્ણાતોનું માનવું છે કે આ વખતે રિઝર્વ બેંક રેપો રેટમાં 0.25%નો વધારો કરી શકે છે.

જો આવું થાય છે, તો ફેબ્રુઆરી 2023 પછી રેપો રેટમાં થનારો આ પ્રથમ વધારો હશે, જેના કારણે રેપો રેટ 5.25%થી વધીને 5.50% થઈ જશે. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશેની માહિતી 7 ઑક્ટોબરે RBIના ગવર્નર સંજય મલ્હોત્રા આપશે. 2025માં 1.25%ના ઘટાડા બાદ સતત 4 બેઠકોમાં દર સ્થિર રહ્યા રિઝર્વ બેંકે વર્ષ 2025માં 4 વખત રેપો રેટમાં કુલ 1.25%નો




ઘટાડો કર્યો હતો. જેના કારણે રેપો રેટ 6.50%થી ઘટીને 5.25% થઈ ગયો હતો. જ્યારે 2026માં અત્યાર સુધી યોજાયેલી ચાર બેઠકોમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઓક્ટોબરની આ બેઠક દેશની પીક ફેસ્ટિવ સિઝન દરમિયાન યોજાઈ રહી છે. આ દરમિયાન ઓટોમોબાઈલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને હાઉસિંગ સેગમેન્ટમાં ક્રેડિટ એટલે કે લોનની માગ વધુ રહે છે. જો RBI રેપો રેટમાં 0.25%નો વધારો કરે છે, તો બેંકોના એક્સટર્નલ બેન્ચમાર્ક લેન્ડિંગ રેટ્સ (EBLR) તરત જ વધી જશે. તેનાથી નવી લોન મોંઘી થઈ જશે અને હાલની હોમ લોન તથા ઓટો લોનના ગ્રાહકોની EMI વધી શકે છે, જે તહેવારી સિઝનમાં ગ્રાહક માગને અસર કરી શકે છે. રેપો રેટ મોંઘવારી સામે લડવાનું સાધન છે. જ્યારે મોંઘવારી વધારે હોય છે, ત્યારે સેન્ટ્રલ બેંક તેને વધારીને અર્થવ્યવસ્થામાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે.

### અમદાવાદમાં શેરબજારની નરમાઈને કારણે લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સના વળતર પર અસર રહી

## લાર્જ-કેપ ફંડોનું વળતર 7 ટકા જ્યારે સ્મોલ-કેપનું વળતર બમણાથી વધુ

**મોટાભાગના સક્રિય લાર્જ-કેપ ફંડ્સનું 5 વર્ષનું વાર્ષિક વળતર 7.5%થી નીચે છે, જે બેંક FDના વ્યાજ દરની નજીક છે. વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ અને ઉંચા મૂલ્યાંકન મુખ્ય કારણો છે**

મુંબઇ

લાંબા ગાળા માટે ઈક્વિટી હંમેશા શ્રેષ્ઠ સંપત્તિ ન હોઈ શકે. લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ તેનું મુખ્ય ઉદાહરણ છે. સપ્ટેમ્બર ૨૦૨૪ પછી લાંબા ગાળાના ઘટાડા અને લાર્જ-કેપ શેરોમાં તાજેતરના તીવ્ર ઘટાડાએ તેમના પાંચ વર્ષના પ્રદર્શન પર પ્રતિકૂળ અસર કરી છે.

મોટાભાગના સક્રિય લાર્જ-કેપ ફંડ્સનું ૫ વર્ષનું વળતર હાલમાં ૭.૫% (વાર્ષિક)ની નીચે છે. સરેરાશ ૫ વર્ષનું વળતર ૭.૧% બેંક ફિક્સ્ડ ડિપોઝિટ જેવી ઓછી જોખમી ફિક્સ્ડ-ઈન્કમ સ્કીમ્સના વ્યાજ દરની નજીક છે. નિફ્ટી ૫૦ અને નિફ્ટી ૧૦૦ જેવા લાર્જ-કેપ સૂચકાંકોને ટ્રેક કરતા નિષ્ક્રિય ફંડ્સે પણ વાર્ષિક ધોરણે લગભગ ૯.૫% ચક્રવૃદ્ધિ વળતર આપ્યું છે.




શેરબજાર, ખાસ કરીને લાર્જ-કેપ શેરો, છેલ્લા બે વર્ષથી દબાણ હેઠળ છે કારણ કે તેણે અનેક પડકારોનો સામનો કર્યો છે. આ પડકારો ઘણીવાર એક પછી એક, અથવા ક્યારેક એકસાથે આવ્યા છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચાણ આનું મુખ્ય કારણ રહ્યું છે.

વિદેશી રોકાણકારો વારંવાર ભંડોળ પાછું ખેંચી રહ્યા છે કારણ કે ઊંચા મૂલ્યાંકન, પ્રમાણમાં નબળા કમાણી વૃદ્ધિ અને અન્ય બજારોમાં સારી તકોએ ભારતમાં તેમના રોકાણોને અસર કરી છે. છેલ્લા આઠ અઠવાડિયામાં વેચાણનું દબાણ વધુ તીવ્ર બન્યું છે.

લાર્જ-કેપ ફંડ્સના નબળા પ્રદર્શને તેમના વળતર અને સ્મોલ-કેપ સ્કીમ્સના વળતર વચ્ચેનું અંતર વધાર્યું છે. ૫ વર્ષના સમયગાળામાં સ્મોલ-કેપ ફંડ્સનું સરેરાશ વળતર ૧૪.૬ ટકા હવે લાર્જ-કેપ ફંડ્સના ૭.૧ ટકા કરતા બમણાથી વધુ છે. મિડ-કેપ સ્કીમ્સે પણ ૧૩.૩ ટકાના દરે નોંધપાત્ર વળતર આપ્યું છે.

સ્મોલ અને મિડ-કેપ ફંડ્સ હવે કુલ રોકાણના આશરે ૫૦-૫૫ ટકા હિસ્સો ધરાવે છે. આ સ્તર છેલ્લે ૨૦૨૪ માં જોવા મળ્યું હતું. આ બંને ફંડ સ્કીમ્સમાં ઉછાળો અને લાર્જ-કેપ ફંડ્સથી દૂર જવાથી સંકેત મળે છે કે સ્થાનિક રોકાણકારો ફક્ત ઈક્વિટીમાં તેમનું રોકાણ વધારી રહ્યા નથી પરંતુ ઈક્વિટીમાં વધુ વળતર ધરાવતા શેરો તરફ પણ વધુને વધુ વળાંક લઈ રહ્યા છે.

## સેન્સેક્સ 473 પોઇન્ટ વધીને 72,382 પર બંધ

- **નિફ્ટી 134 પોઇન્ટ વધીને 22,556 પર પહોંચ્યો, બેન્કિંગ અને FMCG શેરોમાં વધુ ખરીદી જોવા મળી**

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 5 ઓક્ટોબરે 4 કારોબારી દિવસો બાદ તેજી જોવા મળી. સેન્સેક્સ 473 પોઈન્ટ વધીને 72,382 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 134 પોઈન્ટની તેજી રહી અને તે 22,556 પર બંધ થયો. બેન્કિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને FMCG શેરોમાં આજે વધુ ખરીદી જોવા મળી. ઓરિએન્ટ કેબલ્સનો શેર 65% વધીને લિસ્ટ થયો ઓરિએન્ટ કેબલ્સનો શેર BSE પર 65% વધીને 448.10 રૂપિયાના ભાવે લિસ્ટ થયો. જ્યારે NSE પર તે 65.44%ના પ્રીમિયમ સાથે 450 રૂપિયાના ભાવે લિસ્ટ થયો. તેના શેરની ઈશ્યૂ કિંમત



272 રૂપિયા હતી. આ પહેલાં ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે 1 ઓક્ટોબરે શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ 570 પોઈન્ટ ઘટીને 71,910 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 198 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 22,422 પર આવી ગયો હતો.

ગુજરાત ભાડા વિધેયક સામે વકીલો આક્રમક મૂડમાં

# ભદ્ર કોર્ટથી ઇન્કમટેક્સ ચાર રસ્તા સુધી નીકળી ભવ્ય બાઈક રેલી, રાજ્યભરની કોર્ટોમાં કામકાજ ઠપ!



અમદાવાદ

ગુજરાત સરકારના વિવાદાસ્પદ ગુજરાત ભાડા વિધેયક (Rent Bill) ના વિરોધમાં રાજ્યભરના વકીલો આક્રમક મિજાજમાં આવી ગયા છે. આજરોજ અમદાવાદ સહિત ગુજરાતભરની તમામ કોર્ટોમાં વકીલોએ ન્યાયિક કામકાજથી અળગા રહીને જબરદસ્ત વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાત બાર એસોસિએશનના સમર્થન સાથે વકીલોએ સરકાર સામે મોરો ખોલી દીધો છે અને જ્યાં સુધી સત્તા ફરીથી કોર્ટને સોંપવામાં નહીં આવે ત્યાં સુધી આ લડત ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે.

**સત્તા ફરી કોર્ટને સોંપવાની પ્રચંડ માંગ સાથે વકીલો રસ્તા પર: ગાંધીજીની પ્રતિમાને હાર પહેરાવી સરકાર સામે ફૂંકાયું રણશિંગુ**

આજના વિરોધ પ્રદર્શનના ભાગરૂપે અમદાવાદમાં વકીલો દ્વારા એક ભવ્ય અને આક્રમક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં વકીલો પોતાની બાઈક લઈને ભદ્ર કોર્ટથી રવાના થયા હતા અને સૂત્રોચાર કરતા કરતા સીધા ઈન્કમટેક્સ ચાર રસ્તા પર પહોંચ્યા હતા.

ઈન્કમટેક્સ ચાર રસ્તા પર વકીલોએ સરકાર વિરોધી ઉગ્ર સૂત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન વકીલોએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને હાર પહેરાવીને ન્યાય માટે અહિંસક પરંતુ મક્કમ લડત લડવાનો સંકલ્પ લીધો હતો.

વકીલોના આ ઉગ્ર વિરોધને કારણે ટ્રાફિક વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો અને પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

વકીલોનો મુખ્ય રોષ એ વાતને લઈને છે કે ભાડાના વિવાદો અને સત્તાઓના મામલે જે નિર્ણયો લેવામાં આવી રહ્યા છે, તેનાથી ન્યાયતંત્રની સત્તાઓ મર્યાદિત થાય છે. વકીલોની સ્પષ્ટ માંગ છે કે ભાડા વિધેયક સંબંધિત તમામ સત્તાઓ અને ન્યાયિક અધિકારો ફરીથી કોર્ટને જ આપવામાં આવે. ગુજરાત બાર એસોસિએશન પણ આ હડતાળ અને વિરોધમાં સત્તાવાર રીતે જોડાઈ ગયું છે, જેને કારણે રાજ્યની તમામ સદસ્ય કોર્ટોમાં વકીલોએ હાજરી આપી ન હતી અને અદાલતી કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. આગામી દિવસોમાં જો સરકાર વકીલોની આ ન્યાયી માંગણી નહીં સ્વીકારે, તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ વકીલ મંડળ દ્વારા આપવામાં આવી છે. હાઈકોર્ટની એક પણ કોર્ટમાં ખાનગી વકીલો ઉપસ્થિત રહ્યા નહોતા. તમામ કોર્ટની ઓન ડાયસ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને આજની મુદતો લંબાવી છે. આ ઉપરાંત અમદાવાદ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટથી બાઈક રેલી યોજવામાં આવી હતી. આ રેલી અમદાવાદ મેટ્રો કોર્ટ, ઘી કાંટા થઈને ઈન્કમટેક્સ સુધી પહોંચી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન ઈન્કમટેક્સ સર્કલ નજીક સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ જગત ચોક્સીની તબિયત લથડી હતી. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખ યતીન ઓઝાએ કહ્યું કે, ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશન દ્વારા બે દિવસ માટે કામકાજથી દૂર રહેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અમે ત્રીજા દિવસથી કામ શરુ કરીશું.

110 કિલો માંસ સાથે બે પકડાયા

## SP રિંગ રોડ પરના 31 દબાણો પર ડિમોલિશન : નાના ચિલોડા સર્વિસ રોડ ખુલ્લો કરવામાં આવ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત વધતી ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા અને રસ્તા પહોળા કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કામગીરી તેજ કરવામાં આવી છે. જેના ભાગરૂપે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા એસપી રિંગ રોડ પર નાના ચિલોડા સર્કલ નજીક સર્વિસ રોડ પર ખડકાયેલા કોમર્શિયલ કાચા-પાકા બાંધકામો પર ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગે ડિમોલિશન હાથ ધર્યું છે. વાહન-વ્યવહાર સુગમ બનાવવા અને સર્વિસ રોડ ખુલ્લો કરવા માટે રોડ પર આવતાં 31 ગેરકાયદે દબાણોને મનપા તંત્ર દ્વારા સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યા છે.

નાના ચિલોડા નજીક એસપી રીંગ રોડના સર્વિસ રોડ પર ગેરકાયદે રીતે ખાણીપીણી તેમજ અન્ય નાના-મોટા કોમર્શિયલ કાચા-પાકા દબાણો ઊભા થઈ ગયા હતા. રિંગ રોડ પર વાહનોની સંખ્યા અને ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું હોવાથી સર્વિસ રોડ ખુલ્લો કરવો અત્યંત જરૂરી બન્યો હતો. ટ્રાફિકની સમસ્ય દૂર કરવા અને રોડ પહોળો કરવા માટે



ઉત્તર ઝોન એસ્ટેટ વિભાગની ટીમે 5 ઓક્ટોબરના રોજ સવારે મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું. એસ્ટેટ ટીમે 1 હિટાચી અને 2 જેસીબીની મદદથી આશરે 900 મીટર લાંબા રોડ પર નડતરરૂપ એવા તમામ 31 ગેરકાયદે દબાણોને જમીનદોસ્ત કરી રોડ ખુલ્લો કર્યો હતો. સરદાર પટેલ રિંગ રોડ પર રામોલ અને વસ્ત્રાલને જોડતા અદાણી સર્કલ નજીક મુખ્ય માર્ગને અડીને મસમોટો ભૂવો પડતાં વાહનચાલકોની સલામતી સામે સવાલો ઊભા થયા છે. ભૂવાને કારણે અકસ્માત કે ટ્રાફિક સર્જાય નહીં તે માટે તંત્ર દ્વારા સ્થળ પર બેરિકેડ મૂકીને વિસ્તાર કોર્ડન કરવામાં આવ્યો છે.

## ન્યૂડ વીડિયો કોલ રિસીવ કરવાની ભૂલ યુવકને પડી પૂરા ₹49.78 લાખ મોંઘી!

અમદાવાદ

ગુજરાતમાં હવે સાયબર ગુનેગારો એટલા હદે બેફામ બની ગયા છે કે સામાન્ય નાગરિકોની જિંદગીની ગાઢી કમાણી ક્ષણભરમાં લૂંટીને તેમને બરબાદ કરી રહ્યા છે. અમદાવાદના પોશ ગણાતા વાડજ વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક, ખતરનાક અને હચમચાવી દેતી ઘટના સામે આવી છે, જ્યાં એક યુવકને અજાણ્યા નંબર પરથી આવેલા ન્યૂડ વીડિયો કોલનો ફંદો એવો તો ભરાવવામાં આવ્યો કે તેણે માનસિક ત્રાસ અને બ્લેકમેલિંગના શિકાર બનીને પોતાના હાથેથી અસંખ્ય રકમ ગુમાવી દીધી. વીડિયો રેકોર્ડ થઈ ગયાની ધમકી આપીને ઠગ્સે યુવક પાસેથી ટુકડે-ટુકડે કરીને કુલ ૪૯,૭૮,૦૦૦ (લગભગ પચાસ લાખ રૂપિયા) પડાવી લીધા હોવાની ક્રૂર વાસ્તવિકતા બહાર આવતા સમગ્ર રાજ્યમાં સનસનાટી મચી ગઈ છે. વાડજ વિસ્તારમાં રહેતા યુવકને કોઈ અજાણ્યા નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો. જેવો યુવકે ફોન રિસીવ કર્યો કે તરત જ સામે પક્ષેથી અશ્લીલ અને આપત્તિજનક દ્રશ્યો બતાવવામાં આવ્યા.

અમદાવાદમાં ખાખી શરમજનક હાલતમાં

## ચિક્કાર દારૂ પીધેલા PSI બી.વી. પંડયાએ યુનિફોર્મની લાજ લૂંટી કાર ઉકરડામાં ઠોકી!

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના કડક અમલની મોટી મોટી વાતો કરતી પોલીસ વિભાગના જ એક જવાબદાર અધિકારીએ ખાખી વર્દી અને કાયદા બંનેની ધજાગરા ઉડાડી દીધાની અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદમાં સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) બી.વી. પંડયા પોતે જ ચિક્કાર દારૂના નમાં ચકચૂર બનીને, ગાડીમાં ઈંગ્લિશ દારૂની ભરેલી બોટલો ભરીને પુરપાટ ઝડપે મોટરકાર હંકારી રહ્યા હતા. નશામાં ભાન ભૂલેલા આ PSI એ ગાડી પરથી કાબુ ગુમાવતા રસ્તા પર ચાલતા નિર્દોષ રાહદારીઓ હડફેટે આવતા માંડ-માંડ બચ્યા હતા.

નશાની હેવાનિયતમાં ડૂબેલા PSI પંડયાએ પોતાની મોટરકાર બેફામ રીતે હંકારીને સીધી એક ઉકરડામાં ઠોકી દીધી હતી. ગાડી અકસ્માતગ્રસ્ત થયા બાદ પણ નશો ઉતરવાનું નામ લેતો ન હતો. ગાડીમાંથી બહાર આવીને આ વર્દીધારી અધિકારીએ સ્થાનિક રહીશો અને રાહદારીઓ સાથે અત્યંત ઉદ્ધતાઈપૂર્વક વર્તન કર્યું હતું. લોકોને બિભત્સ ગાળો બોલીને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને ખુલ્લેઆમ આતંક મચાવ્યો હતો. એક પોલીસ અધિકારી જ જ્યારે ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતો હોય અને નશામાં ધૂત થઈને તોફાન મચાવતો હોય, ત્યારે રોષે ભરાયેલા સ્થાનિક રહીશોએ જરાય ડર્યા વગર આ સમગ્ર ઘટનાનું મોબાઈલથી વીડિયો રેકોર્ડીંગ કરી લીધું હતું. આ સાહસિક નાગરિકોએ તાત્કાલિક ઈમરજન્સી નંબર ૧૧૨ (112) પર ફોન કરીને પોલીસને બોલાવી લીધી હતી. ઘટનાની ગંભીરતા જોઈને સાબરમતી પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પોલીસે નશામાં ધૂત PSI બી.વી. પંડયાની ધરપકડ કરી લીધી છે. તેમની કારની તલાશી લેતા ગાડીમાંથી ૬ થી ૮ જેટલી ઈંગ્લિશ દારૂની ભરેલી બોટલો તેમજ તેમનો પોલીસ PSI નો યુનિફોર્મ પણ મળી આવ્યો હતો. પોલીસે દારૂ, કાર અને યુનિફોર્મ સહિતનો મુદ્દામાલ કબ્જે કરીને આ ખાખીધારી બુટલેગર સામે કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરી છે.

'બાળકોના બિહેવિયર પર સતત નજર રાખો'

## અમદાવાદની 4 સ્કૂલમાં ગંભીર ઘટના બનતા DEOનો શાળાઓને આદેશ

અમદાવાદ

અમદાવાદમાં છેલ્લા એક અઠવાડિયામાં ચાર જેટલી શાળાઓમાં ગંભીર ઘટનાઓ સામે આવી હતી. શિક્ષક દ્વારા વિદ્યાર્થીનીને અભદ્ર મેસેજ મોકલવાની ઘટના હોય કે પછી વિદ્યાર્થીએ વિદ્યાર્થીનીઓને માર મારવાની ઘટના બનતા હવે શાળાઓમાં શિક્ષકોને માત્ર શૈક્ષણિક કાર્ય જ નહીં પરંતુ વિદ્યાર્થીઓનું બિહેવિયર સુધારવા માટે પણ સૂચના આપવામાં આવી છે. શહેરની તમામ શાળાઓને વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ આદેશ આપ્યો છે. કાઉન્સેલિંગ કર્યા બાદ જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓનું મેન્ટલ અને ફિઝિકલ બિહેવિયર સુધારવા માટે શિક્ષકોને સૂચના આપવામાં આવી છે. બાપુનગરમાં આવેલી જીવન




સાધના સ્કૂલમાં ધોરણ 11ના વિદ્યાર્થીને વિદ્યાર્થિનીઓને વારંવાર સામે જોતો હોવાથી ટોક્યો હતી. તેમજ વારંવાર જોતાં હોવાની ફરિયાદ વિદ્યાર્થિનીઓને શિક્ષકને કરતા શિક્ષકે તેને ઠપકો આપ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીએ સ્કૂલની બહાર ત્રણેય વિદ્યાર્થિનીઓ માર માર્યો હતો. જેમાં એક વિદ્યાર્થિનીને કાનમાં ઈજા થઈ હતી અને બીજી બેભાન થઈ હતી. ગંભીર ઘટના બનતા શાળા સંચાલકે વિદ્યાર્થીને LC આપી શાળામાંથી કાઢી મૂક્યો હતો. પાલડી વિસ્તારમાં આવેલી શારદા મંદિર સ્કૂલમાં ધોરણ 11 અને 12ના વિદ્યાર્થીઓ વચ્ચે વિદ્યાર્થિની સાથે વાત કરવાના મુદ્દે વિવાદ થયો હતો. શાળામાં થયેલી બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો અને બાદમાં વિદ્યાર્થીઓ વચ્ચે મારામારીની ઘટના બની હતી.




## સંક્ષીપ્ત સમાચાર

### ઇસ્કોન બ્રિજ પાસે ફરી નબીરાનો આતંક! ફૂલ સ્પીડમાં ગાડી હંકારી 3 કાર ફંગોળી, પછી હોસ્પિટલમાંથી ફરાર

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પાસે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે કાબુ ગુમાવતા સર્વિસ રોડ પર પાર્ક કરેલી 2 કારને ટક્કર મારી હતી. સદનસીબે જાનહાનિ ટળી, પરંતુ 3 કારને ભારે નુકસાન થયું. આરોપી કારચાલક હોસ્પિટલમાંથી ફરાર થતા પોલીસે તેને પકડવા કાર્યવાહી હાથ ધરી છે. કારમાં 6 લોકો સવાર હતા. ઈસ્કોન બ્રિજ પાસે મોડી રાતે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પકવાન ચાર રસ્તા તરફથી ફૂલ સ્પીડમાં આવતી કારના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા સર્વિસ રોડ પર પાર્ક કેરેલી અન્ય કારોને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણેય કારનો ભારે નુકશાન થયું હતું. ઘટનાની જાણ થતાં જ એસજી-2 ટ્રાફિક પોલીસે સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છેકે, આ અકસ્માતમાં કારચાલકને ઈજા થઈ હતી. તેને હોસ્પિટલ દાખલ કરાયો હતો. હોસ્પિટલમાંથી પોલીસને જાણ કરે તે પહેલા કારચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જેને પકડવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, અકસ્માત સર્જનાર કારચાલકે પોતાના મિત્ર પાસેથી કાર લાવ્યો હતો. કારમાં કૂલ 6 લોકો સવાર હતા.

### બાવળાના ભાયલા ટોલનાકા નજીકથી 39 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, રાજસ્થાનના ટ્રકચાલકની અટકાયત

અમદાવાદના બાવળા નજીક ભાયલા ટોલનાકા પર કેરાળા GIDC પોલીસે મોટી કાર્યવાહી કરી છે. નેશનલ હાઈવે પરથી પસાર થતી એક ટ્રકમાંથી પોલીસે 39.16 લાખ રૂપિયાથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે 4,864થી વધુ દારૂની બોટલો સાથે ટ્રકચાલક ગોકલારામ જાટની ધરપકડ કરી, કુલ 61.02 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે દારૂ મોકલનાર અને મંગાવનારની તપાસ શરૂ કરી છે. બાવળામાં આવેલા ભાયલા ટોલનાકા નજીક કેરાળા GIDC પોલીસે મોટી કાર્યવાહી કરીને ગેરકાયદે વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડ્યો છે. નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહેલી એક ટ્રકમાંથી પોલીસે 39.16 લાખ રૂપિયાથી વધુની કિંમતની વિદેશી દારૂની બોટલો જપ્ત કરી ટ્રકચાલકની અટકાયત કરી છે.મળતી માહિતી અનુસાર, કેરાળા GIDC પોલીસની ટીમને નેશનલ હાઈવે પરથી દારૂનો જથ્થો પસાર થવાનો હોવાની બાતમી મળી હતી. જેના આધારે ભાયલા ટોલનાકા નજીક નાકાબંધી કરીને શંકાસ્પદ ટ્રકને અટકાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. ટ્રકની તલાશી લેતાં તેમાંથી કુલ 4,864થી વધુ સીલબંધ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

### શારદાબેન હોસ્પિટલ પાસે AMTS બસે ટુ-વ્હિલરને ટક્કર મારતા વૃદ્ધનું મોત: રિપોર્ટ બતાવવા હોસ્પિટલ જતા હતા'ને વૃદ્ધ સિક્યુરિટી ગાર્ડને અડફેટે લીધા

અમદાવાદમાં બેફામ દોડતી AMTS બસથી વધુ એક વ્યક્તિનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. શારદાબેન હોસ્પિટલ સર્કલ પાસે પૂરઝડપે આવી રહેલ એએમટીએસ બસ ચાલકે ટુ-વ્હિલર ચાલક વૃદ્ધને ટક્કર મારતા વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. જેમાં સિક્યુરિટી ગાર્ડ એવા વૃદ્ધ રિપોર્ટ બતાવવા હોસ્પિટલ જતા હતા અને અકસ્માત થયો હતો. અકસ્માત સર્જી ભાગી છૂટેલા AMTS બસના ચાલક વિરૂદ્ધ ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. બાપુનગર વિસ્તારમાં આવેલા સત્યમ ફ્લેટમાં રહેતા 6 5 વર્ષીય શિવશંકર દેવડા મનપસંદ ચેમ્બર્સ ખાતે ડાયમંડ ઓફિસમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ગત 1 ઓક્ટોબરે બપોરે પોતાના ઈલેક્ટ્રિક મોટરસાયકલ પર શારદાબેન હોસ્પિટલ ખાતે રિપોર્ટ બતાવવા માટે નીકળ્યા હતા. ત્યારે શારદાબેન સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પૂરઝડપે આવી રહેલી AMTS બસ ચાલકે ટુ-વ્હિલરને ટક્કર મારી હતી. જેથી શિવશંકરને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.

### આધેડને લગ્નની લાલચ આપી યુવતી દોઢ લાખ લઈ રફુચક્કર: થોડા દિવસ સાથે રહ્યા બાદ મરણ પ્રસંગના બહાને ફરાર, ફોન પણ સ્વિચ ઓફ

જામનગરના આધેડે લગન કરવા માટે યુવતીને દોઢ લાખ રૂપિયા આપ્યા હતા. જે બાદ યુવતી આધેડ સાથે થોડા દિવસ રહી હતી, પરંતુ બંને વચ્ચે કોઈ સંબંધ બંધાયો નહોતો. આ દરમિયાન યુવતી મરણ પ્રસંગમાં જવાનું કહીને નાસી ગઈ હતી. લાંબા સમય સુધી પરત ન આવતા આધેડે સંપર્ક કર્યો, પરંતુ ફોન સ્વીચઓફ આવતો હતો. જેથી આધેડ સાથે લગ્નના નામે ઠગાઈ થઈ હોવાની જાણ થતા વાસણા પોલીસ સ્ટેશનમાં યુવતી સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે. જામનગરમાં રહેતા આધેડના 48 વર્ષની ઉંમર સુધી લગ્ન ન થયા હોવાથી તેમના ફોઈના દીકરાએ ભાવનગરમાં રહેતા પ્રવિણ ભટ્ટનો સંપર્ક કરાવ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI